Celebrating 50 Years

ઘનશ્યામ

of Spirituality

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ ઓક્ટોબર, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૧૦

# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું
# U.K, U.S.A. અને CANADA ખાતે દિવ્ય સત્સંગ વિચરણ





# નૂતન વર્ષાભિનંદન






પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

મુદ્રણ : વાઇબ્રન્ટ ઇમેજ, અમદાવાદ

સંપાદક : સાધુનિર્ગુણજીવનદાસ

# GHANSHYAM

10 October, 2025 • Year : 50 • Edition : 10

# ઘનશ્યામ

૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૧૦


નૂતન વર્ષની પ્રાર્થના

"હે નાથ દેહના સબંધિ જનમાં
મમતા થાવો ના કોઈ કાળ રે"

હે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ, હે બાપા, હે ગુરુદેવ બાપજી,
સૌને અમને એકમાત્ર આપમાં જ પ્રીતિ થાય.

'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...'

આ સ્વસ્વરૂપનું નિરંતર જાણપણું રહે એવી કૃપા કરજો.

સ્નેહ સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ



## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૬ વચનામૃત સાર : લોયા - ૭ (ભાગ - ૨)

૧૦ અલૌકિક રીત મારા ગુરુવરની

૧૨ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું યુ.કે., યુ.એસ.એ. તથા કેનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ





સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# દિવ્યવાણી

તા. ૩-૯-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત

સત્સંગ એ આત્યંતિક મોક્ષ અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પામવા માટેનું પ્રથમ પગથિયું છે. તેમ છતાં ઘણી વાર સત્સંગ કરવાનો હેતુ ક્યાંક સકામભાવનાને કારણે બદલાઈ જતો હોય છે. ગમે તેવા સમય-સંજોગ-પરિસ્થિતિમાં પણ અનાદિમુક્તની સ્થિતિનો ધ્યેય ફંટાઈ ન જાય તે માટે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૩-૯-૨૦૨૫ના રોજ સંકલ્પ સભામાં જે લાભ આપ્યો હતો તેનું મનન-ચિંતન કરી નિષ્કામ ભક્તિ દૃઢ કરીએ.

મનુષ્યજન્મ પામેલ દરેક વ્યક્તિ ચાર પ્રકારનાં જીવન જીવી રહી છે. એક, જગતના જીવ જે જીવે છે તે. અર્થાત્ પંચવિષયના આધારે જિવાતું જીવન. આપણને તો સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. આવો રૂડો કારણ સત્સંગ મળ્યો છે તો હવે આપણું જીવન જગતના જીવથી પર ભક્ત જીવન હોવું જોઈએ. જગતના જીવો ભેળા રહેવાનું છે પણ વહેવાનું નથી. એ બધા સાથે નોકરી-ધંધા કરવાનાં છે, સાથે રહેવું પડશે પણ તેમના જેવી રીત આપણી ન થવી જોઈએ. આ માટે સતત વિચારનું બળ રાખવું કે, ‘હું કોણ છું ? અને કોનો છું ?’ નિરંતર ખ્યાલ રાખવો કે, ‘હું સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું. બાપાનો બચ્ચો છું અને ગુરુદેવ બાપજી જેવા દિવ્યપુરુષનો શિષ્ય છું.’ આ વિચારથી આપણું ભક્ત જીવન દીપી ઊઠશે.

આ કારણ સત્સંગ માત્ર ભક્ત પકવવાની ફૅક્ટરી નથી. ભક્તમાંથી મુમુક્ષુ અને મુમુક્ષુમાંથી મુક્ત કરી મૂર્તિના સુખને લાયક બનાવવા માટેની ફૅક્ટરી છે. પરંતુ મુમુક્ષુ કે મુક્ત બનતા પૂર્વે ભક્ત સંજ્ઞામાં આવવું ફરજિયાત છે. ભક્તના ગુણધર્મો કયા ? તો શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને શ્રીજીમહારાજે કહેલા પંચવર્તમાને યુક્ત જીવન. આ ભક્ત જીવનનાં લક્ષણો છે. માત્ર તિલક-ચાંદલો કર્યો, ગળામાં કંઠી પહેરી, મંદિરે આવતા થયા એ ભક્તનું લક્ષણ નથી; ભક્તનો વેષ છે.

ભક્ત થયા પછી અનાદિમુક્તની સ્થિતિને પામવા મુમુક્ષુ થવું ફરજિયાત છે. મુમુક્ષુ કોણ હોઈ શકે ? તો જે કેવળ ને કેવળ મોક્ષને ઇચ્છે. બીજી કોઈ ઇચ્છા, અપેક્ષા નહીં. ભજન-ભક્તિ કરે, સેવા કરે, મહારાજ અને મોટાપુરુષનું સેવન કરે તેમાં કેવળ એક મોક્ષની જ ઇચ્છા હોય. જેને કારણ સત્સંગની ભાષામાં કહેવાય અનાદિમુક્તની સ્થિતિ પામવાની ઇચ્છા. જેમાં કોઈ

ખરા નિષ્કામ ભક્ત તો અનાદિમુક્ત જ છે.

સકામભાવના જ ન હોય. હું ભજન-ભક્તિ કરું છું તો મને દીકરો મળે, નોકરી મળે, માન-સન્માન મળે. અરે ! રાજીપાદર્શનની ઈચ્છા પણ ન રહે તે ખરો મુમુક્ષુ કહેવાય.

મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ દેખાડવાની ચીજ નથી. અંતરનો રાજીપો દેખાડવાનો હોતો નથી; એ તો મુમુક્ષુ ઉપર વરસતો જ હોય છે. જ્યારે બાહ્ય રાજીપો દેખાડવો પડતો હોય છે. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૭૦મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને અર્થે કરવો પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો.’’ આ બેઝ સત્સંગમાં આવીને સૌપ્રથમ દઢ કરજો. નિષ્કામ ભક્તો માટે કારણ સત્સંગ છે. આ બેઝ કાચો રહી જાય છે એટલે જ મોટાપુરુષને બહુ ભીડો પડતો હોય છે.

સકામભાવથી કરેલા સત્સંગનો કોઈ મેળ નથી. ક્યારે સત્સંગ ઢીલો પડી જાય અને ક્યારે સત્સંગ છૂટી જાય તે કાંઈ કહેવાય નહીં. જો અપેક્ષા મુજબ થાય તો ખુશ. જો અપેક્ષા મુજબ ન થાય તો સત્સંગમાં ઢીલાશ આવી જાય. વસ્તુ-પદાર્થ મેળવવા માટે સત્સંગ કર્યો હોય ને તે મળે તો રાજી રાજી અને ન મળે તો તરત થાય કે, ‘ભગવાનની આટલી ભજન-ભક્તિ કરવા છતાં ભગવાન આપણી સામું કેમ જોતા નથી ?! હવે મંદિરે જવું નથી.’ સકામ ઈચ્છા ન સંતોષાય તો આવો રૂડો રૂપાળો સત્સંગ છૂટી જાય છે. માટે કદી સકામ ન થશો. મહારાજ રાખે તેમ રહેવું છે અને દેખાડે તે જોવું છે – આવો અવિચળ પાયો સત્સંગમાં કરી રાખજો. આપણને સભામાં આગળ બેસાડે તોય ભલે ને પાછળ બેસાડે તોય ભલે. બોલાવે તોય ભલે અને ન બોલાવે તોય ભલે. ઈમ્પૉર્ટન્સ આપે તોય ભલે અને ન આપે તોય ભલે. ખરેખર તો આપણને અનાદિમુક્તની પદવી આપી આપણું કેટલું બધું ઈમ્પૉર્ટન્સ વધારી દીધું છે. અનાદિમુક્તની પદવી એટલે મહારાજ પછી બીજો નંબર. સેવકભાવની, ભક્તભાવની શ્રેષ્ઠ પદવી.

કારણ સત્સંગમાં કોનો પાયો મજબૂત રહે ? તો જે નિષ્કામ ભક્ત હોય તેનો પાયો મજબૂત રહે. એની કોરનો મહારાજ અને મોટાને ભરોસો હોય. એની ગમે તેવી આકરી કસોટી લે તોય તે નાપાસ ન થાય. માગે તે ભક્ત નહિ અને માગ્યા પછી આપે એ ભગવાન નહીં. તમારા દીકરાને તમે એ માગે પછી કપડાં લાવી આપો છો ? એ કહે એ પછી સ્કૂલની ફી ભરો છો કે પહેલાં ? એમની ડિમાન્ડ પહેલાં તમે તેમની જરૂરિયાતોને સંતોષી દો છો. કારણ, એ તમારો દીકરો છે અને તમે એમનાં માવતર. બસ, એમ જ આપણે શ્રીજીમહારાજના દીકરા છીએ. આપણી પાત્રતા પ્રમાણે એ આપણને આપશે. હજુ આપણને આપતા નથી તેનું કારણ હજુ આપણે પાત્ર નથી. જો મહારાજ અને મોટા આપણને પાત્રતા વગર આપી દે તો છકી જવાય, જીરવી ન શકાય.

કંસારા જેમ વાસણ ટીપી ટીપીને પાત્ર કરે છે તેમ મહારાજ અને મોટાપુરુષ આપણને સત્સંગમાં નિકટ લઈને, કથાવાર્તારૂપી હથોડો લઈ પાત્ર કરે છે. પાત્ર કરીને તમને આ લોકનું સુખ નહિ પણ મહારાજની મૂર્તિનું સુખ આપવું છે, તે માટે તત્પર થયા છે. આપણને ઘણી વખત પ્રશ્ન થાય કે, જગતના પાપી ને અધર્મી જીવો તોય કરોડોપતિ હોય છે, જલસા કરતા હોય છે. જ્યારે આપણે મહેનત કરીને, તૂટીને મરી જઈએ તોપણ રોટલા ભેગા થવાતું નથી. બે છેડા પણ ભેગા થતા નથી આવું કેમ ? તો, જગતના જીવોને આ લોકનું જ આપવાનું છે; એમને બીજું આપવાનું નથી. એમને પાછળ જન્મમરણના ફેરા ચાલુ છે જ્યારે આપણી જન્મમરણના ચક્રની પૂર્ણાહુતિ મહારાજે કરાવી દીધી છે અને અવિચળ સુખમાં લઈ જવા છે એટલે મહારાજ આપણને આ લોકમાં બંધન ન થાય તેમ પાત્ર કરીને આપે છે.

ખરા નિષ્કામ ભક્ત કેવા હોય ? તેનો રજમો, ખુમારી કેવી હોય ? ગમે તેવા વિપરીત સંજોગ કે દેહના દીર્ઘ રોગમાં કેવી દઢતા રાખી શકે છે ? હમણાં થોડા સમય પહેલાં પૂ. સંતોનો સેવક (ગુરુજી) પર ફોન આવ્યો. પૂ. સંતોએ જણાવ્યું કે, ‘આપણા આ હરિભક્તને કૅન્સર ડિટેક્ટ થયું છે. ત્રીજા સ્ટેજ પર છે. એમની ઉંમર ૪૦-૪૫ વર્ષની જ છે.’ હરિભક્તે અમને તો સીધી જાણ કરી ન હતી પણ પૂ. સંતોને પણ અમને સમાચાર આપવાની ના પાડી હતી કે, ‘મોટાપુરુષ આ લોકનાં વૈભવ, સુખ આપવા પધાર્યા નથી. એ તો મૂર્તિસુખના વેપારી છે. એમની પાસે આ લોકનું કંઈ ન મગાય.’ પછી સેવક એ હરિભક્તને ફોન કરી આશ્વાસન આપવા લાગ્યા ત્યારે તે હરિભક્તનો કેવો બળભર્યો અવાજ !! તેમણે કહ્યું, ‘‘ગુરુજી, આપ સેવક માટે સંપૂર્ણ નિશ્ચિંત રહેજો. મહારાજે આ પ્રસાદી આપી છે. એ કૅન્સર તો દેહને છે. દેહ તો આમ પણ ક્ષણભંગુર ને નાશવંત છે. મને શાનું કૅન્સર ? શું કૅન્સર ? મને તો મહારાજે ને આપે કૃપા કરી અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખી લીધો છે. ગુરુદેવ બાપજીએ આપેલા કોલ, ‘નક્કી રાખ્યા છે તમને મૂર્તિમાં...’ એ કોલની નિરંતર સ્મૃતિ થયા કરે છે. એટલે હું રાજી રાજી થઈ જઉં છું.’’ એમની બળભરી વાતથી અંતરથી રાજી થવાય કે, ‘હરિભક્ત હોય તો આવા હોય.’

બસ, આ કારણ સત્સંગમાં આવીને સંપૂર્ણ નિષ્કામ ભક્ત બની મહારાજ અને ગુરુજીના અંતરના રાજીપાના પાત્ર બનીએ.

કેવળ મોક્ષની ઇચ્છા એ જ મુમુક્ષુતા.



# વચનામૃત સાર

### લોયા-૭ (ભાગ-૨)

અગાઉ આપણે આ વચનામૃતના આધારે સમજ્યા હતા કે આત્યંતિક કલ્યાણ એટલે અનાદિમુક્તની સ્થિતિ. તે ક્યારે થાય ? તો 'ऋते ज्ञानान्न मुक्तिः।' કહેતાં ભગવાનના સ્વરૂપના સાક્ષાત્ જ્ઞાને કરીને કહેતાં અનુભવજ્ઞાને કરીને જ અનાદિની સ્થિતિ થાય.

આ વચનામૃતમાં મહારાજે જ્ઞાનના ત્રણ પ્રકાર કહ્યા છે. એક, ઇન્દ્રિયોએ કરીને જ્ઞાન, બીજું, અંતઃકરણે કરીને જ્ઞાન અને ત્રીજું, અનુભવજ્ઞાન. જેની વિગત આપણે ભાગ-૧માં ઊંડાણપૂર્વક સમજ્યા હતા. હવે આગળ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ શું રહસ્ય સમજાવે છે તે જોઈએ.

**વચનામૃત : ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે કરીને જેને પ્રત્યક્ષ ભગવાન જાણ્યામાં ન આવ્યા તેને જન્મ-મૃત્યુ થાય એ તો ઠીક છે પણ જેને બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થયો હોય તેને જન્મ-મૃત્યુ તે કેમ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે :**

**ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।**
**અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥**

**એ જડ પ્રકૃતિ છે અને...**

**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરાં ।**
**જીવભૂતાં મહાબાહો ! યયેદં ધાર્યતે જગત્ ॥**

**એ ચૈતન્ય પ્રકૃતિ છે અને એ બેય પ્રકૃતિ ભગવાનને સૃજ્ય છે કહેતાં એ જડ પ્રકૃતિ ભેળે એ ચૈતન્યરૂપ પ્રકૃતિ પણ સૃજાય છે, માટે એ ચૈતન્ય પ્રકૃતિને પામ્યો એવો જે કૈવલ્યાર્થી તે પણ આત્યંતિક કલ્યાણને પામ્યો ન કહેવાય.**

**વિશ્લેષણ :** વચનામૃતમાં આની આગળના પ્રશ્નમાં મહારાજે જે જવાબ આપ્યો તેના પ્રતિ પ્રશ્ન રૂપે નિત્યાનંદ સ્વામી મહારાજને પૂછી રહ્યા છે કે, હે મહારાજ ! ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે કરીને જેણે પ્રત્યક્ષ ભગવાનને ન જાણ્યા તેને જન્મમરણ થાય એ તો ઠીક છે પણ જેને બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થયો હોય તેને જન્મ-મૃત્યુ તે કેમ છે ? હવે પ્રશ્ન થાય બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર એટલે જ સ્થિતિ નહીં ? બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર અને જન્મ-મૃત્યુ બંને વિરોધાભાસી શબ્દ નથી ? તો ખરેખર સ્વામી પૂછવા શું માગે છે ? અહીં સદ્. નિત્યાનંદ સ્વામી જે બ્રહ્મસ્વરૂપના સાક્ષાત્કારની વાત કરી છે તે અન્વયની લાઈનના માયાથી પર ઐશ્વર્યાર્થીઓ ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ અને

**હીરે કરીને જ હીરો વેંધાય.**

અક્ષરકોટિની વાત છે. તેમનો સાક્ષાત્કાર કર્યો હોય તેમને અહીં વચનામૃતમાં ચૈતન્ય પ્રકૃતિ કહ્યા છે. એટલે કે સદ્. નિત્યાનંદ સ્વામી એવું પૂછવા માગે છે કે, જે માયાથી પર થયા હોય તેને માથે જન્મમરણ છે કે નથી ?

આનો જવાબ મહારાજ શું આપે છે ? તો જડ પ્રકૃતિ અને ચૈતન્ય પ્રકૃતિ એ બેય ભગવાનને સૃજ્ય છે. માટે એ ચૈતન્ય પ્રકૃતિને પામ્યો એવો જે કૈવલ્યાર્થી એ પણ આત્યંતિક કલ્યાણને પામ્યો ન કહેવાય. મહારાજના જવાબને ઊંડાણથી સમજીએ. જડ પ્રકૃતિ એટલે શું ? અને ચૈતન્ય પ્રકૃતિ એટલે શું ? તો અન્વયની લાઇનમાં મૂળમાયાથી અંદરના પ્રધાનપુરુષથી માંડીને જીવ-પ્રાણીમાત્ર સુધીનાને જડ પ્રકૃતિ કહેવાય અને મૂળમાયાથી પરના મૂળપુરુષથી માંડીને અક્ષર સુધીના તમામ ચૈતન્ય પ્રકૃતિમાં આવે. તો હવે આ બંને પ્રકૃતિ ભગવાનને સૃજ્ય છે. કહેતાં જડ પ્રકૃતિ ભેળે ચૈતન્ય પ્રકૃતિ પણ સૃજાય છે. આનો અર્થ શું ? તો શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતા તેજનો સમૂહ તેને કહેવાય અક્ષરધામ.

તેજની અનંત કિરણોમાંની એક કિરણના આધારે અક્ષરથી માંડીને જીવ-પ્રાણીમાત્ર સુધીના અનંતાનંત થયા છે અને રહ્યા છે. એટલે કે માયાથી પરના અને માયાની અંદરના તમામને મહારાજ ઉત્તરોત્તર એક કિરણ દ્વારા સૃજે છે. અર્થાત્ કોઈ પણ જીવ જડ પ્રકૃતિમાં કહેતાં માયામાં હોય કે માયાથી પર ચૈતન્ય પ્રકૃતિમાં હોય પણ સંબંધ તો અન્વયની લાઇનનો જ રહે છે. તેને શ્રીજીમહારાજનો વ્યતિરેક સંબંધ નથી. તેથી ભલે માયાથી પર થયો તોપણ તે કૈવલ્યાર્થી આત્યંતિક કલ્યાણને કહેતાં અનાદિની સ્થિતિને પામ્યો ન કહેવાય. એટલું ખરું કે માયામાં રહેલા જડ પ્રકૃતિના જીવોની જેમ એને માથે જન્મમરણ નથી. પરંતુ જ્યારે એનો આત્યંતિક કલ્યાણનો વારો આવે ત્યારે મહારાજ તે કૈવલ્યાર્થીને તેનું ઐશ્વર્ય ભુલાવડાવી જીવ કરે છે કહેતાં પૃથ્વી પર મનુષ્યજન્મ આપે છે અને સર્વોપરી નિષ્ઠા પાકી કરાવે અને અનાદિમુક્તની સ્થિતિ માટે પધારેલા સત્પુરુષનો યોગ કરાવે પછી જ આત્યંતિક કલ્યાણના ભાગીદાર થાય.

**વચનામૃત : અકર્મ જે જ્ઞાન તેને વિષે પણ જાણવું રહ્યું છે તે શું, તો જે બ્રહ્મરૂપ થયો તેને પણ પરબ્રહ્મ પુરુષોત્તમ તે જાણવા રહ્યા છે અને જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.**

**વિશ્લેષણ :** અહીં કીધું કે અકર્મ જ્ઞાન તેને વિષે પણ જાણવું રહ્યું છે. તો અકર્મ જ્ઞાન એટલે શું ? તો કર્મ જ્ઞાન અને અકર્મ જ્ઞાન એમ બે પ્રકાર છે. જ્યાં સુધી કર્મની ગતિ છે; કહેતાં કર્મે કરીને ત્યાં સુધી પહોંચી શકાય છે. તે કર્મ જ્ઞાન અર્થાત્ માયાથી નીચેના પ્રધાનપુરુષ સુધીના તમામનું જ્ઞાન કર્મ જ્ઞાન કહેવાય. અને અકર્મ જ્ઞાન એટલે જ્યાં પહોંચવામાં કર્મ લાગુ પડતા નથી એટલે માયાથી પરનું જ્ઞાન. તેને વિષે પણ જાણવું રહ્યું તે શું ? ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, અક્ષરકોટિથી પર તો વ્યતિરેક મૂર્તિ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ સ્વામિનારાયણ ભગવાન તેમને જાણવાના બાકી રહ્યા. કેમ કે તેમના નિશ્ચયે કરીને જ તેમનો વ્યતિરેક સંબંધ થાય છે અને તો પછી જ આત્યંતિક કલ્યાણ થાય છે.

આગળ શ્રીજીમહારાજ કહે છે કે, **"બ્રહ્મરૂપ થયો તેને પણ પરબ્રહ્મ તે જાણવા રહ્યા છે અને જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે."** પ્રથમ દૃષ્ટિએ વિરોધાભાસી વાત લાગે. એક બાજુ કહ્યું કે, બ્રહ્મરૂપ થયો તેને પણ પુરુષોત્તમને જાણવાના બાકી છે ને બીજી બાજુ કહે બ્રહ્મરૂપ થાય તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે. હવે જાણવાના જ બાકી છે તો ભક્તિના અધિકારની વાત જ ક્યાં આવે ?

થોડું વ્યવસ્થિત રીતે સરળ કરીને સમજીએ. પહેલા વાક્યમાં મહારાજ આગળ વાત કરી એ જ કહે છે કે, બ્રહ્મરૂપ કહેતાં માયાથી પરના ત્રણ કોટિ રૂપ થાય તોપણ તેને મહારાજને ઓળખવાના તો બાકી જ છે. પરંતુ મહારાજને ઓળખ્યા પછી, વ્યતિરેકનો સંબંધ થયા પછી મુમુક્ષુએ શું કરવું ફરજિયાત છે ? એ મહારાજની અપેક્ષા મહારાજ બીજા વાક્યમાં જણાવે છે કે દેહરૂપ થઈને કરેલી ભક્તિથી અનાદિમુક્તની સ્થિતિ સુધી, મૂર્તિસુખ સુધી ના પહોંચાય. માટે મહારાજ અતિ આગ્રહપૂર્વક કહે છે કે દેહધારીને અમારી ભક્તિનો અધિકાર જ નથી. જો તમારે અમારું સુખ જોઈતું હોય તો દેહથી પૃથક્ બ્રહ્મરૂપ કહેતાં મૂર્તિરૂપ થઈને અમારી ભક્તિ કરવી પડશે. અહીં મહારાજ ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતમાં આપેલ સિદ્ધાંત 'હીરે કરીને જ હીરો વેંધાય'નું પુનરાવર્તન કરી રહ્યા છે. તો આપણે દેહથી પૃથક્ પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરીએ.

**વચનામૃત : તે ભક્તિ તે શું ? તો, જેમ શ્વેતદ્વીપવાસી જે નિરન્નમુક્ત છે તે બ્રહ્મરૂપ થકા ચંદન-પુષ્પાદિક નાના પ્રકારની પૂજા-સામગ્રીએ કરીને પરબ્રહ્મ જે વાસુદેવ તેને પૂજે છે, તેમ એ પણ બ્રહ્મરૂપ થકા પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ, મનનાદિકે કરીને કરે તે ભગવાને શાસ્ત્રમાં કહ્યું છે જે :**

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥**

**માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે કૈવલ્યાર્થીને પણ આત્યંતિક કલ્યાણ ન કહેવાય.**

પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ એ જ પરમપદ.

**વિશ્લેષણ :** અહીં શ્રીજીમહારાજ પરોક્ષના દૃષ્ટાંતે મૂર્તિરૂપ થઈને ભક્તિ કરવાની રીત શીખવે છે. મહારાજે કહ્યું કે, જેમ શ્વેતદ્વીપમાં રહેલા નિરન્નમુક્તો બ્રહ્મરૂપ થઈને વાસુદેવની ભક્તિ કરે છે તેમ આત્યંતિક કલ્યાણ માટે યત્નશીલ મુમુક્ષુએ મૂર્તિરૂપ થઈને પ્રત્યક્ષ ભગવાન-સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ, મનન આદિકે કરીને કરવી જોઈએ અને જો એ કૈવલ્યાર્થી આવી રીતે ભક્તિ ન કરે તો આત્યંતિક કલ્યાણ કહેતાં સ્થિતિને પામી શકે નહીં.

**વચનામૃત : અને જે પ્રત્યક્ષ ભગવાન છે તે કેવા છે તો અષ્ટ પ્રકારની જે વ્યાપ્ય પ્રકૃતિ અને તેને વિષે વ્યાપક એવી જે ચૈતન્ય પ્રકૃતિ તે બેયના આધાર છે.**

**વિશ્લેષણ :** હવે શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી રહ્યા છે. સૌપ્રથમ મહારાજે પ્રત્યક્ષ ભગવાન કહી પોતાની તરફ આંગળી કરી કે અમે કેવા છીએ ? તો અષ્ટ પ્રકારની વ્યાપ્ય પ્રકૃતિ એટલે કે માયાથી નીચેના અષ્ટ આવરણ (પ્રધાનપુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી) અને તેને વિષે વ્યાપક પ્રકૃતિ એટલે માયાથી પરના અક્ષર સુધીના અનંત ઐશ્વર્યાર્થીઓ. આ બધાના અમે આધાર છીએ. એ પણ ડાઈરેક્ટ નહિ, એક કિરણ દ્વારા આધાર છીએ અને એ પણ ઉત્તરોત્તર છીએ. જ્યારે અમે તો આખા તેજના આધાર છીએ.

ત્યારપછી વચનામૃતમાં પાંચ ભૂતની સંકોચ-વિકાસ અવસ્થાનું દૃષ્ટાંત આપ્યું છે. તે રીતે ભગવાનની પણ સંકોચ-વિકાસ અવસ્થા કહી છે. પણ અહીં સમજવાનું છે કે મહારાજ સદા સાકાર છે. તેમની સંકોચ-વિકાસ અવસ્થા સંભવે નહીં. કેમ કે નિરાકારનો સંકોચ-વિકાસ થાય; સાકારનો નહીં. અહીં મહારાજના તેજની એક કિરણની સંકોચ-વિકાસ અવસ્થા કહી છે.

**વચનામૃત : તથા અન્નમય બ્રહ્મ કહ્યો છે, મનોમય બ્રહ્મ કહ્યો છે, વિજ્ઞાનમય બ્રહ્મ કહ્યો છે, આનંદમય બ્રહ્મ કહ્યો છે ઇત્યાદિક ઘણીક પ્રકારની બ્રહ્મવિદ્યા કહી છે તેનું શું તાત્પર્ય છે જે ભગવાન સર્વના કારણ છે ને સર્વના આધાર છે, માટે એ સર્વેને બ્રહ્મ કહ્યા છે પણ એ સર્વે શરીર છે ને એ સર્વેના શરીરી તે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પુરુષોત્તમ છે.**

**વિશ્લેષણ :** અહીં મહારાજ એ સમજાવવા માગે છે કે શાસ્ત્રોમાં ઘણી જગ્યાએ બ્રહ્મ શબ્દ વપરાય છે. માટે દરેક જગ્યાએ એનો અર્થ જુદો જુદો થાય. માટે સાચા સત્પુરુષ મળે તો જ શાસ્ત્રના બાધ-બાધાંતરો સમજી શકાય.

હવે અન્નમય બ્રહ્મ એટલે દેહ, મનોમય બ્રહ્મ એટલે મન, વિજ્ઞાનમય બ્રહ્મ એટલે આત્મા અને આનંદમય બ્રહ્મ એટલે ભગવાન. ખરેખર દેહ, મન અને આત્મા એ બ્રહ્મ નથી. પરંતુ પરબ્રહ્મ પુરુષોત્તમ પોતે એક કિરણ દ્વારા સર્વમાં વ્યાપી રહ્યા છે. માટે એમના સંબંધે બધાને બ્રહ્મ કહેવાય છે. બાકી સર્વના કારણ ને સર્વના આધાર તો એકમાત્ર શ્રીજીમહારાજ જ છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પુરુષોત્તમ કહ્યા તે શ્રીજીમહારાજે પોતાને જ કહ્યા છે. કેમ કે એ વખતે પ્રત્યક્ષ પોતે જ હતા.

**વચનામૃત : તે ભગવાનને વિષે એ જડ-ચૈતન્યરૂપ જે બે પ્રકૃતિ તે સંકોચ-વિકાસ અવસ્થાએ કરીને પોતાના કાર્ય સોતી સુખે કરીને રહી છે અને એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામી રૂપે કારણપણે કરીને રહ્યા છે... એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને પરિપૂર્ણ જ્ઞાન કહીએ.**

**વિશ્લેષણ :** શ્રીજીમહારાજની એક કિરણમાં આગળ કહી તે જડ ને ચૈતન્ય પ્રકૃતિ સંકોચ-વિકાસ અવસ્થાએ સોતી રહેલી છે. અહીં ભગવાનને વિષે કહ્યું છે પણ ડાઈરેક્ટ ભગવાનને વિષે નથી. કિરણ દ્વારે-એના આધારે રહેલી છે. પરંતુ કિરણ મહારાજ સાથે જૉઈન્ટ છે; જુદી પડતી નથી માટે ભગવાનને વિષે શબ્દ વાપર્યો છે. અંતર્યામી રૂપે કારણપણે કરીને રહ્યા છે. તેનો અર્થ પણ એક કિરણ દ્વારે રહ્યા છે એ જ છે.

હવે આગળ મહારાજ પરોક્ષના દૃષ્ટાંતે પોતાના વ્યતિરેક સ્વરૂપની વાત સમજાવે છે કે અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય આદિનું કાર્ય મહારાજ એક કિરણ દ્વારે-અન્વય દ્વારે કરે છે. જ્યારે પોતે તો તેનાથી વ્યતિરિક્ત અને સંપૂર્ણ જુદા છે. પોતે તો પોતાના અનંત અનાદિમુક્તોને સુખ આપવારૂપી એક જ કામ કરે છે.

"મુક્ત કરી સુખ આપવું એ છે, કેવળ આપનું કામ."

આવા સર્વોપરી, સર્વના કારણ એવા શ્રીજીમહારાજ મને કેવળ કૃપાએ મળ્યા છે એમ જાણે અને અનુભવજ્ઞાને દેખે કહેતાં સ્થિતિને પામે તેને જ પરિપૂર્ણ જ્ઞાન કહેવાય.

**વચનામૃત : ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, એવી રીતે દેખાતું તો ન હોય ને અંતઃકરણમાં તો એવી રીતની દૃઢ આંટી હોય તેને પરિપૂર્ણ જ્ઞાન કહેવાય કે નહીં ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ અંધારું ઘર હોય ને તેમાં કોઠી તથા થાંભલા રહ્યા હોય તેને દેખે છે તોપણ યથાર્થ દેખ્યા ન કહેવાય, તેમ પુરુષોત્તમ ભગવાનને વિષે જડ-ચિત્ પ્રકૃતિ રહી છે ને એ પ્રકૃતિને વિષે પોતે રહ્યા છે તેને અનુમાને કરીને જાણે છે પણ જો દેખ્યામાં નથી આવતું તો પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય, અને જો એને એવી આંટી ઠાવકી છે તો કાંઈક એને અલૌકિકપણું જણાણું જોઈએ; નહિ તો જણાશે અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી તો એમ સમજે જે,**

બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.

**આ ભગવાનને વિષે તો સર્વે છે પણ મુને દેખાડતા નથી એવી જ એની ઇચ્છા છે, એમ સમજીને ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે તો એ પરિપૂર્ણ જ્ઞાની છે, માટે ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પ્રકારે કરીને જે ભગવાનને યથાર્થપણે જાણતો હોય તેને જ્ઞાની કહીએ.**

**વિશ્લેષણ :** ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતની જેમ અહીં પણ મહારાજે ખંભાતી તાળું મારી દીધું. આગળની વાતમાં મહારાજે કહ્યું કે અનુભવજ્ઞાન થાય તેને જ પરિપૂર્ણ જ્ઞાન કહેવાય. એટલે કે સ્થિતિ થાય તેને જ આત્યંતિક કલ્યાણ થયું કહેવાય. તો શું જ્યાં સુધી સ્થિતિ નથી થઈ ત્યાં સુધી કલ્યાણ અધૂરું કહેવાય ? સદ્. મુક્તાનંદ સ્વામી આપણા વતી આની ચોખવટ મહારાજ પાસે કરાવે છે. ચાલો સમજીએ...

સદ્. મુક્તાનંદ સ્વામી આગળની બાબતની ચોખવટ માટે મહારાજને પૂછે છે કે, હે મહારાજ ! એવી રીતે દેખાતું તો ન હોય એટલે કે સ્થિતિ ના થઈ હોય પરંતુ અંતઃકરણમાં તો એવી રીતની દૃઢ આંટી હોય કહેતાં આવી સમજણની દૃઢતાએ નિરુત્થાનપણું થયું હોય તો તેને પરિપૂર્ણ જ્ઞાન કહેતાં આત્યંતિક કલ્યાણ કહેવાય કે નહીં ?

હવે શ્રીજીમહારાજ અદ્ભુત દૃષ્ટાંત સાથે જવાબ આપે છે. જેમ અંધારું ઘર હોય ને તેમાં કોઠી તથા થાંભલા રહ્યાં હોય તેને દેખે છે છતાં યથાર્થ દેખ્યા ન કહેવાય. તેમ જો પુરુષોત્તમ ભગવાનને માત્ર અનુમાને કરીને જાણે છે અર્થાત્ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું, અન્વય-વ્યતિરેકપણું માત્ર જાણકારીમાં છે પરંતુ એનો કેફ-મસ્તી નથી તો પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય. પરંતુ જો એની આંટી (નિશ્ચય) ઠાવકી છે કહેતાં નિરુત્થાનપણું છે ને જણાતું નથી કહેતાં સ્થિતિ નથી થઈ તોપણ એ એમ સમજે જે આ ભગવાનને વિષે સર્વે છે. પણ મુને દેખાડતા નથી. એવી જ એની ઇચ્છા છે. અર્થાત્ હું જે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરું છું તેને વિષે જ તેજ, ઐશ્વર્ય, લાવણ્યતા, અનંત અનાદિમુક્તો એ બધું છે. આ જ પરભાવમાં છે. એવા પ્રત્યક્ષપણે નિશ્ચયનું નિરુત્થાનપણું હોય. અને એમ સમજીને ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે તો એ પરિપૂર્ણ જ્ઞાની છે. ટૂંકમાં જેને પ્રત્યક્ષપણે નિશ્ચયની નિરુત્થાનપણે દૃઢતા હોય ને તેણે કરીને પોતાને કૃતાર્થ માનતો હોય તો તેને સ્થિતિ ન થઈ હોય તોપણ તેનું આત્યંતિક કલ્યાણ થઈ જ રહ્યું છે.

**વચનામૃત : એવો જે જ્ઞાની તે તો સદા સાકાર મૂર્તિ એવા જે આ પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષ ને અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે, એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે.**

**અનુભવ જ્ઞાન એટલે જ અનાદિમુક્તની સ્થિતિ.**

**વિશ્લેષણ :** હવે મહારાજ આખા વચનામૃતના સાર રૂપે આત્યંતિક કલ્યાણ કહેતાં અનાદિની સ્થિતિ પામવાની રીત બતાવે છે. આવો, તેને ટુકડે ટુકડે સમજીએ. **'એવો જે જ્ઞાની તે તો સદા સાકાર મૂર્તિ એવા જે આ પ્રત્યક્ષ ભગવાન સ્વામિનારાયણ'** – પહેલાં દિવ્યભાવની વાત કરી. સદા સાકાર મૂર્તિ એટલે કે મહારાજ મનુષ્ય જેવા થયા પણ નથી ને પ્રતિમા જેવા છે પણ નહીં. સદા દિવ્ય સાકાર મૂર્તિ જ છે. આવું સમજવું તે પહેલો મુદ્દો. **'તેને પ્રકૃતિપુરુષ ને અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણવા.'** – શ્રીજીમહારાજને સર્વોપરી, સનાતન ને સર્વના કારણ જાણી પતિવ્રતાની ભક્તિ કરવી એ બીજો મુદ્દો. **'અનન્યપણે સેવે છે.'** – દિવ્યભાવ અને નિશ્ચયની વાત આગળના બે મુદ્દામાં આવી ગઈ. હવે મહારાજ લટક આપી રહ્યા છે. મૂર્તિને અનન્યપણે સેવવી એટલે શું ? તો મૂર્તિને સામે સમજવી એ મહારાજથી જુદાપણું રહ્યું. પરંતુ એ જ મહારાજ મારા દેહને ઉડાડી દેહના સ્થાને એટલે કે પ્રતિલોમપણે આવી બિરાજી ગયા છે. એમ મૂર્તિમાં રહી મૂર્તિને નીરખવી એ અનન્યપણે કહેતાં એકમેકભાવે સેવી કહેવાય. આગળ આની પર મહોર મારતાં મહારાજ કહે છે કે એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે.

હવે સૌથી મહત્ત્વની બાબત એ છે કે સ્થિતિનો માર્ગ રણના રસ્તા જેવો છે. સત્પુરુષના સાંનિધ્ય અને તેમની કૃપા વિના આ જ્ઞાન સિદ્ધ થાતું નથી. આપણી પર બહુ મોટી કૃપા છે કે આપણને દિવ્ય સત્પુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું સાંનિધ્ય સાંપડ્યું છે. તો બસ, એમને રાજી કરી આ જ્ઞાનની દૃઢતા કરીએ.


## ભક્તિ કેટરર્સ

એકમાત્ર શ્રીજીમહારાજ અને મોટાપુરુષ રાજી થાય તેવા વ્યવહારિક પ્રસંગો ઊજવવાના હેતુથી એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ સત્સંગી બંધુઓ માટે ઉપલબ્ધ

- સત્સંગી હરિભક્તો માટે સ્પેશિયલ વ્યવસ્થા
- નિયમ-ધર્મે યુક્ત શુદ્ધ અને સાત્ત્વિક ભોજન
- નાના-મોટા કે સારા-નરસા પ્રસંગે ઓર્ડર લેવામાં આવે છે.
- સગાંસંબંધી તેમજ મિત્રવર્તુળમાં જાણ કરી લાભ લઈ-લેવડાવી મહાપ્રભુનો રાજીપો પ્રાપ્ત કરીએ.

● **વધુ માહિતી માટે સંપર્ક :**

ઘનશ્યામભાઈ પટેલ - ૯૮૨૫૦૪૪૧૬૦



# અલૌકિક રીત મારા ગુરુવરની

મોટાપુરુષ એટલે શ્રીજીમહારાજે આપણને આપેલી અણમોલ ભેટ. મોટાપુરુષ એ કોઈ આ લોકનું સ્વરૂપ નથી. તેઓ સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ છે અને એટલે જ એમની સર્વે ક્રિયાના કર્તા શ્રીજીમહારાજ છે. વ્હાલા ગુરુજીની પરભાવી વાતોને તો આપણે સૌ કોઈએ માણી છે. પરંતુ તેઓની અવરભાવની દૈનિક ક્રિયાઓમાંથી પણ આપણને કંઈક ને કંઈક શીખવા મળે. આપણે સાચા મુમુક્ષુ બની એ ગુણો જોવાની ને લેવાની દૃષ્ટિ કેળવવાની છે. આજે અહીં આપણે વ્હાલા ગુરુજીના જીવનમાંથી કરકસરે યુક્ત જીવન જીવવાના ગુણનાં દર્શન કરી સ્વજીવનમાં તે ગુણ લક્ષ્યાર્થ કરવા પ્રેરણા લઈશું.

તા. ૧-૩-૨૦૨૫. વ્હાલા ગુરુજી વિચરણમાં પધારવાના હતા. આગલા દિવસે રાત્રે સેવક મુક્તોએ વ્હાલા ગુરુજીના સ્લિપરને સ્વચ્છ કરવાની સેવાનો લાભ લીધો હતો. બીજા દિવસે સવારે વ્હાલા ગુરુજી સ્વામિનારાયણ ધામથી સુરત ખાતે સત્સંગ વિચરણ અર્થે પધારવાના હતા. વ્હાલા ગુરુજી પ્રાતઃ ક્રિયા પૂર્ણ કરી ૬ વાગ્યે સુરત જવા માટે આસનેથી બહાર પધાર્યા. ચરણમાં સ્લિપર ધારણ કર્યા ને સંત આશ્રમ પાસે ઊભેલી ગાડીમાં બિરાજમાન થવા પધારી રહ્યા હતા. બે-ચાર ડગલાં માંડ ચાલ્યા હશે ત્યાં ગુરુજીના ચરણમાં ધારણ કરેલ એક સ્લિપરની પટ્ટી તૂટી ગઈ.

અગાઉ પણ આવો એક પ્રસંગ બનેલો. જેમાં પણ વ્હાલા ગુરુજીના સ્લિપર બહુ જ જૂના થઈ ગયેલા. ઘસાઈ ગયેલા. પણ વ્હાલા ગુરુજી જૂના સ્લિપર બદલવા માટે સહેજ પણ તૈયાર ન હતા. ‘સંસ્થાના ગુરુપદે બિરાજમાન ગુરુજીને આવા સ્લિપર ન શોભે’ એવી ભાવનાથી એક સેવક સંતે ગુરુજીની જાણ બહાર જૂના-ઘસાઈ ગયેલા સ્લિપર સંતાડી દીધેલા કે જેથી ગુરુજી નવા સ્લિપર ધારણ કરે. પણ એવું કાંઈ ન બન્યું. ઉપરથી ગુરુજીએ વધુ આગ્રહ રાખ્યો કે જ્યાં સુધી જૂના સ્લિપર પાછા નહિ આપો ત્યાં સુધી અમે ઠાકોરજી નહિ જમાડીએ. અંતે ગુરુજીના આગ્રહ સામે શિષ્ય વંદી રહ્યાં. કદાચ એટલે જ આ પ્રસંગની સ્મૃતિથી વ્હાલા ગુરુજીએ સાથે રહેલા સેવક સંતને કહ્યું, ‘‘તમે જ આ સ્લિપર જાણી જોઈને તોડ્યા છે. નહિ તો પાંચ ડગલાંમાં જ સ્લિપર થોડા તૂટી જાય.’’ ગુરુજીએ નારાજગીના ભાવ જણાવ્યા.



ગુરુજી હંમેશાં સાદા અને શ્વેત સ્લિપર ધારણ કરવાનો આગ્રહ વધુ જણાવે. સેવક સંતે ગુરુજીને વિનય વચને પ્રાર્થના કરી, “ના ગુરુજી, એવું નથી. આપ જે સ્લિપર ધારણ કરો છો તે હવે બજારમાં મળતા બંધ થઈ ગયા છે. વળી, આપને તકલીફ ન પડે તે હેતુથી એક-બે જોડી





ઍક્સ્ટ્રા પણ લઈને રાખેલા. પરંતુ લાંબો સમય પડ્યા રહેવાથી રબ્બરની મજબૂતાઈ ઘટી જવાના લીધે પટ્ટી તૂટી ગઈ હશે. ક્ષમા કરજો. રાજી રહેજો ગુરુજી. આપના સ્લિપર તોડવાની હિંમત અમે ક્યારેય ન કરી શકીએ અને એવો ઈશક પણ નથી.”

સેવક સંતના જવાબ સાથે ગુરુજી સહમત ન થયા. અને ગુરુજીએ કહ્યું, “મને વિશ્વાસ નથી. આ સ્લિપર તમે જ તોડ્યા છે. અમે નવા સ્લિપર નહિ જ પહેરીએ.” આટલું કહી વ્હાલા ગુરુજી સ્લિપર ધારણ કર્યા વિના ઉઘાડા ચરણે ગાડીમાં જઈ બિરાજી ગયા. સેવક સંત તુરત જ સ્લિપરની એક નવી જોડ લઈ ગુરુજી સમક્ષ પહોંચ્યા અને પ્રાર્થના કરી, “ગુરુજી, રાજી રહેજો. ક્ષમા કરજો. પણ આપનું વિચરણ લાંબું છે માટે અત્યારે આપ આ સ્લિપર ધારણ કરી લો.” ગુરુજીએ પણ જાણે લીલા ચાલુ કરી હોય તેમ નવા સ્લિપર સ્વીકારવા રાજી ન થયા તે ન જ થયા. ગુરુજીએ સેવક સંતને કહ્યું, “સ્વામી, ખાલી પટ્ટી જ તૂટી છે ને ! નીચેનો ભાગ તો સારો જ છે ને ! એક પટ્ટી તૂટે એમાં કાંઈ સ્લિપર થોડા બદલી નખાય ? તમારે જૂના સ્લિપરમાં જે કાંઈ કરવું પડે તે કરો અથવા એની પટ્ટી લઈ આવો ને તેમાં નાખી દ્યો. બાકી અમે નવા સ્લિપર તો કોઈ પણ સંજોગોમાં નહિ જ પહેરીએ.”

ઉપલક દૃષ્ટિએ જોતા આ બાબત ઘણી ક્ષુલ્લક લાગે. ઘણી નાની લાગે પણ ગુરુજીને મન આ વાત બહુ મોટી હતી. તેઓ સંસ્થાના ગુરુપદે બિરાજે છે. જેમના વચને લોકો કરોડોનાં મંદિર કરાવવા તૈયાર થઈ જતા હોય તો તેમના માટે શું ચંપલ ન આપે ?! પણ શૂન્યમાંથી સર્જન કર્યું હોય એવા ગુરુદેવને ગુરુજી કેવી રીતે ભૂલી શકે ?! ગુરુજી અવારનવાર ટકોર કરતાં જણાવે કે, “ચાર રૂપિયાના સ્લિપર ચૌદ વર્ષ ચલાવે એ ગુરુદેવના આપણે શિષ્યો છીએ. મોંઘવારી એમને ન નડે. તેઓ મોંઘવારીને નડે. એ ન્યાયે આપણે પણ હંમેશાં જ્યાં સુધી ચાલે તેમ હોય ત્યાં સુધી ચલવી લેતા શીખવું જોઈએ.”

સેવક સંતે ગુરુજીને ફરી પ્રાર્થના કરતાં જણાવ્યું, “ગુરુજી, અત્યારે (વહેલી સવારે ૬ વાગ્યે) તાત્કાલિક તો નવી પટ્ટીની વ્યવસ્થા કરવી અઘરી છે. વળી, આપને વિચરણમાં પધારવામાં પણ મોડું થઈ જશે. માટે આ નવા સ્લિપરમાંથી પટ્ટી કાઢી જૂના સ્લિપરમાં લગાવી દઈએ પછી બીજી પટ્ટી લઈને નવા સ્લિપરમાં લગાવી દઈશું. જેથી આપના ચરણ ખુલ્લા ન રહે.” અંતે ગુરુજી આ રીતે કરવા માટે સહમત થતાં ગુરુજીની ગાડી રવાના થઈ. સાથે લાભ લેવા માટે આવેલ મુક્તોની ગાડીમાં બંને સ્લિપર સાથે લીધા. નવા સ્લિપરમાંથી પટ્ટી કાઢી જૂના સ્લિપરમાં લગાવી દીધી અને રસ્તામાં જ થોડે આગળ જઈ ગુરુજીની ગાડીમાં સ્લિપર અર્પણ કર્યા. ત્યારબાદ ગુરુજીએ જૂના સ્લિપર ધારણ કર્યા અને સૌ સંતોના હૈયે શાતા વળી. નવી પટ્ટી લઈ નવા સ્લિપરમાં પણ લગાવી દીધી. અંતે ગુરુજી રાજી થયા. જો નવા સ્લિપર ગુરુજીએ ધારણ કર્યા હોત તો જૂના સ્લિપર ફેંકી દેવાના હતા. પણ ગુરુજીએ તો સ્લિપરની પટ્ટી મગાવી સ્લિપરની બે જોડ તૈયાર કરાવી દીધી. વાહ ! શું અલૌકિક રીત મારા ગુરુવરની !

વ્હાલા ગુરુજીના જીવનને નજરે નિહાળતાં માલૂમ થાય કે તેઓ નવી વસ્તુનો ત્વરિત સ્વીકાર તો ક્યારેય ન કરે. પહેલાં હંમેશાં જૂનું જ વાપરે, તેનો બરાબર કસ કાઢે પછી જ પરાણે, કમને, નછૂટકે કોઈ વસ્તુ સ્વીકારે. વાહ દયાળુ વાહ ! શું આપની અદ્‌ભુત રીત ! ગુરુજીના જીવનમાંથી આપણે પણ આ રીત શીખવા જેવી છે.

કોઈ પણ વસ્તુ હોય તેનો પૂરેપૂરો ઉપયોગ કરવો. જીવનમાં કરકસરનો ગુણ કેળવવો. આપણને આપેલ ધન, સંપત્તિ, દ્રવ્ય તે મહારાજનું છે તો મહારાજના દ્રવ્યનો ઉપયોગ જેમ તેમ ન કરાય. જ્યાં ત્યાં ન વપરાય. વ્હાલા ગુરુજી પૂ. સંતોને કાયમ કહેતા હોય છે, “સંતો, વસ્તુ-પદાર્થના તો ઢગલા થવાના. હરિભક્તો તો આપનાર ખૂબ મળવાના અને આગ્રહ કરવાના પણ જેટલું મળે એટલું ભોગવી ન લેવું.”

આવો, આપણે પણ એ દિવ્યપુરુષની રીતને આપણી રીત બનાવીએ ને આપણા જીવનનમાં કરકસરનો પાઠ શીખીએ.

**જેને કરકસર કરી જીવન જીવતા આવડે તે ફાવી જાય.**



# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું યુ.કે., યુ.એસ.એ. તથા કૅનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

મોટાપુરુષ એટલે શ્રીજીમહારાજની ઇચ્છાથી આ બ્રહ્માંડમાં વિચરી રહેલું સ્વરૂપ. મોટા જમે છે, બોલે છે, લાભ આપે છે તેમના ભેળા મહારાજ પણ જમે છે, બોલે છે ને લાભ આપે છે. કારણ, મહારાજ અને મોટાપુરુષની આવી એકતા છે. મોટાપુરુષ ભગવાન નથી હોં. મોટા તો અખંડ મહારાજની મૂર્તિમાં જ હોય. પરિણામે મોટાપુરુષ દ્વારા મહારાજ અનેક જીવોને સુખિયા કરતા હોય. એ ન્યાયે આ વર્ષે પણ વિદેશના સત્સંગ સમાજને સુખિયો કરવા માટે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું યુ.કે., યુ.એસ.એ. તથા કૅનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું હતું.

તા. ૨૩-૭-૨૦૨૫ ને સાયંકાળે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ સંત મંડળે સહિત એરપોર્ટ જવા માટે પ્રસ્થાન કર્યું. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સાથે પૂ. સંતોમાં પૂ. સરળસ્વામી અને પૂ. કરુણામૂર્તિસ્વામી તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી જિગરભાઈ પટેલને વિચરણનો લાભ મળ્યો હતો. સંતો-હરિભક્તો, ગુરુકુલના બાળમુક્તોએ સ્વામિનારાયણ ધામ પરથી તો અન્ય હરિભક્તોએ અમદાવાદ એરપોર્ટ પરથી ભારે હૈયે ગુરુજીને વિદાય આપી હતી. તા. ૨૪-૭-૨૦૨૫ના રોજ મુંબઈ હૉલ્ટ લીધા બાદ લંડન ખાતે પધારવાનું હતું. કુલ ૪૦ દિવસના વિદેશ વિચરણમાં વ્હાલા ગુરુજીએ અનુક્રમે આ રીતે લાભ આપ્યો હતો :

તા. ૨૪ જુલાઈથી ૨૯ જુલાઈ સુધી યુ.કે. ખાતે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં લાભ આપી તા. ૩૦ જુલાઈથી ૧૨ ઑગસ્ટ દરમ્યાન યુ.એસ.એ.ના ચેરીહિલ તેમજ જર્સીસિટી ખાતે વ્હાલા ગુરુજીનું સત્સંગ વિચરણ ગોઠવાયું હતું. તા. ૧૩ ઑગસ્ટથી ૧૭ ઑગસ્ટ દરમ્યાન ટોરન્ટો (કૅનેડા) ખાતે તેમજ તા. ૧૮ ઑગસ્ટથી ૨ સપ્ટેમ્બર દરમ્યાન યુ.એસ.એ.ના શિકાગો, ઓહાયો, કલીવલૅન્ડ, બોસ્ટન તથા એડિસન ખાતે વ્હાલા ગુરુજીના વિચરણનું આયોજન ગોઠવાયું હતું. આ સમસ્ત વિચરણમાં વ્હાલા ગુરુજીએ સર્વે પ્રેમીભક્તોને લાડ લડાવી ખૂબ સુખિયા કર્યા હતા.






### દિવ્ય અને ભવ્ય આગમનો

વ્હાલા ગુરુજીના વિદેશ વિચરણની શરૂઆત યુ.કે. ખાતે લંડન શહેરથી થઈ હતી. છેલ્લા ૩૦ વર્ષથી જે અવસરની રાહ જોવાઈ રહી હતી તે અવસર એટલે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ. ગુરુદેવે સેવેલા સ્વપ્નને સાકાર સ્વરૂપ આપવા વ્હાલા ગુરુજી આવી પહોંચ્યા ત્યારે લંડન સત્સંગ સમાજના આબાલવૃદ્ધ સૌ કોઈના હૈયે આનંદ સમાતો ન હતો. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીના આગમનને પુષ્પવૃષ્ટિ કરી સૌ કોઈએ વધાવી લીધું.

લંડન ખાતે ધામધૂમથી દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની ઉજવણી પૂર્ણ થઈ. જે આપણે ગતાંકમાં માણ્યું. અહીંથી વ્હાલા ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજ સંગે યુ.એસ.એ. તથા કેનેડાના સત્સંગ વિચરણ અર્થે પ્રયાણ કર્યું હતું. અહીં પણ સૌ હરિભક્તોએ મહારાજનું તથા વ્હાલા ગુરુજીનું ખૂબ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. દાસત્વની રીતને ધારણ કરી રહેલા ગુરુજી ઠાકોરજીને હંમેશાં આગળ રાખી તેમની વાંસે ચાલતા. પાસે ઊભેલા બાળમુક્તોની ટોપલીમાંથી ફૂલની પાંખડી લઈ હરિકૃષ્ણ મહારાજ પર અર્પતા અને ક્યારેક આખી ટોપલી બાળમુક્ત ઉપર નાખી રમૂજ કરાવતા. કોઈ હાર પહેરાવવા આવે તો ધારણ કરતા જ નહિ અને કદાચ ધારણ કરે તો થોડી વાર રહી બીજા કોઈને પહેરાવી દેતા. કોઈ પૂજન કરવા આવે તે તો લગીરેય પસંદ નહીં. શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ રહેતા એક એવા ઓલિયાપુરુષ જેમને માન-અપમાન, હર્ષ-શોકની કાંઈ પડી નથી. બસ, એક જ વાત – આ સ્વાગત મહારાજનું થાય છે; અમારું નહીં. પછી એ સ્વાગત કોઈ નવા સિટીમાં જવાનું થાય ત્યારે હોય કે હરિભક્તોના ઘેર પધરામણીમાં હોય. આ કોઈ સામાન્ય વ્યક્તિ કરી જ ન શકે. એ તો ઠેઠથી પધારેલા જ ઠેઠની રીતિ ચલાવી શકે. વાહ ગુરુજી ! શું આપની અલૌકિક રીત !

### ઘેર ઘેર પધરામણી તથા મહાપૂજા

આ લોકમાં કોઈ મોટી પદવી ધરાવતી વ્યક્તિ આપણા ઘેર આવે તોય આનંદ થાય તો સ્વયં ભગવાન સ્વામિનારાયણ સંગે જેને આપણે આપણું જીવન સોંપ્યું છે તેવા ગુરુજી ઘરે પધારતા હોય તેનો આનંદ કોને ન હોય ! સૌ હરિભક્તો ઠાકોરજી માટે અન્નકૂટ બનાવતા, કોઈ રંગોળી સજાવતા તો કોઈ ફૂલનો હાર બનાવી અર્પણ કરતા. વ્હાલા ગુરુજી સૌનો પ્રેમ સ્વીકારી હર કોઈના મનોરથ પૂર્ણ કરતા. કોઈના સગાંસંબંધીઓ ગુરુજીનાં દર્શન કરી આશીર્વાદ લે તો ગુરુજી પણ વર્તમાન ધરાવી વ્યસનમુક્ત કરતા. એટલું જ નહિ, પરભાવની સાથે એક એકના અવરભાવની પણ ચિંતા રાખતા. સુખ-દુઃખની વાતો પૂછતા, તો મહારાજને રાજી કરવાના માર્ગે આગળ વધવાનું બળ આપી લાડ














પણ લડાવતા. સૌ કોઈ વ્હાલા ગુરુજીથી નિકટતા કેળવી ભર્યા ભર્યા થઈ જતા અને મહાત્મ્યસભર બનતા.

**મહારાજનું મુખ્યપણું**

વિચરણ દરમ્યાન ગુરુજી સાથે સેવાનો લાભ લેનાર દરેકને ગુરુજીના જીવનમાં મહારાજનું મુખ્યપણું સહેજે જણાઈ આવે. વ્હાલા ગુરુજી થકી નાની નાની બાબતોમાં પણ ઠાકોરજીને કેવી રીતે આગળ કરવા તે શીખવા મળે ત્યારે સૌ કોઈનાં હૈયાં ગુરુમહિમાથી છલકાઈ જાય. જર્સીસિટી ખાતે પધરામણી દરમ્યાન ગુરુજી સંગે નીલ મહારાજ અને હર્ષલ મહારાજને સેવાનો લાભ મળ્યો હતો. બિહારીભાઈને ત્યાં પધરામણી પૂર્ણ થતાં તેઓ પણ આગળની પધરામણી માટે સાથે જોડાયા હતા. મહારાજને કરવું અને વરસાદના છાંટા પડવાના શરૂ થયા. એવામાં હર્ષલ મહારાજ તરત જ છત્રી લઈને ગુરુજી પાસે આવી ગયા. અદ્યપિ પર્યંત જેઓએ શ્રીજીમહારાજને પોતાનું જીવન બનાવ્યા છે એવા ગુરુજીને આજે ઠાકોરજી ગૌણ કેવી રીતે થાય ? ગુરુજીએ હર્ષલ મહારાજને હળવી ટકોર કરતાં જણાવ્યું, ‘‘હર્ષલ મહારાજ, આ શું કર્યું ? છત્રી અમારા પર નહિ મહારાજ ઉપર રાખો.’’ હર્ષલ મહારાજ તરત જ છત્રી લઈ મહારાજ પાસે આવી ગયા.

જેઓના જીવનમાં જ ‘ઠાકોરજી પહેલાં’ એ સૂત્ર વણાઈ ગયું હોય એ આ લોકનું વ્યક્તિત્વ હોઈ શકે !? સાથે રહેલા મુક્તો પણ આ પ્રસંગ જોઈ ‘મને કેવા ગુરુ મળ્યા છે !’ એ વિચારમાં ઊંડા ખોવાઈ ગયા.

બોસ્ટન ખાતે ભાવેશભાઈ પંડ્યા અને દીપેશભાઈ મેવાડા એમ બંને હરિભક્તોના બંને બાળમુક્તોને જનોઈ આપવાનો પ્રસંગ હતો. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીએ તેઓના ઘરે પધરામણી કરી તેમનો મનોરથ પૂરો કર્યો. ત્યારબાદ એક હરિભક્તને ત્યાંથી રાત્રે પધરામણી અર્થે પધાર્યા. અચાનક આયોજન થવાથી તેઓના મોટા ભાઈ હજુ આવી રહ્યા હતા. સમય ખૂબ ઓછો હતો. જેટલું મોડું થાય તેટલો કાપ ગુરુજીના આરામમાં આવે. છતાં તેમના મોટા ભાઈને દર્શન થાય એ હેતુથી ગુરુજી તેમના માટે બેસી રહ્યા. ગુરુજીના સ્થાને અન્ય કોઈ હોય તો આવું બિલકુલ ન બને. જગતમાં તો મોટી વ્યક્તિને મળવું હોય તો પરમિશન મેળવવી પડે. જ્યારે વ્હાલા ગુરુજી તો



અવિરત વિચરણ દ્વારા સંકલ્પ કૃષિક એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

આપણા સૌ માટે સાવ ઇદમ્ !! પધરામણી દરમ્યાન ઘરમાં જળનો છંટકાવ કરી રહ્યા હતા ત્યારે એક હરિભક્તે ગુરુજીને કહ્યું, "કેટલો મોટો બંગલો છે?" ત્યારે ઠાકોરજી જ જેમનું જીવન છે તેવા ગુરુજીએ તે હરિભક્તને હરિકૃષ્ણ મહારાજ બાજુ દૃષ્ટિ કરતાં કહ્યું કે, "આ ઠાકોરજીથી મોટો કોઈ બંગલો નથી. ગમે તેવી મોટી વ્યક્તિ હોય કે ગમે તેવો મોટો બંગલો હોય પણ તેને જોઈને ક્યારેય રાજી ન થવું. બસ, કેવા મહારાજ મળ્યા છે તે વિચારમાં રહેવું." આ માર્મિક ટકોરથી હરિભક્તને ગુરુજીના જીવનમાં મહારાજનું મુખ્યપણું સમજાઈ ગયું. જેમને આ લોકની ગમે તેટલી મોટી કે મોંઘી વ્યક્તિ કે વસ્તુ હોય પણ આ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ આગળ તો કશું જ નથી. કેવા મહારાજ મળ્યા? કેવા દિવ્યપુરુષ મળ્યા? ફાવી ગયા ભાઈ... ફાવી ગયા.

**મહાત્મ્યસભર બનાવતી પ્રાતઃ સભાઓ, શિબિરો અને જાહેર સભાઓ**

ડૉક્ટર પાસે જાવ એટલે જેવો રોગ એવી દવા આપે. એમ વ્હાલા ગુરુજી જીવાત્માને બળિયો કરવા માટે કથાવાર્તાનો લાભ આપી સૌને ખૂબ સુખિયા કરે. સામાન્ય ભાષામાં સમજીએ તો ગુરુજી એટલે જીવાત્માના ડૉક્ટર. પ્રાતઃ સભામાં પરભાવની વાતોનો, અનાદિની સ્થિતિની વાતોનો, મૂર્તિની વાતોનો ખજાનો ખોલે; તો શિબિરમાં વર્તનવાળી વાતોથી સૌને રાજીપાના માર્ગે દોડાવે. વળી, જાહેર સભામાં વ્યવહારિક ગુણો શીખવતી વાતોનું અનેરું આકર્ષણ હોય. વ્હાલા ગુરુજીની સભામાં જે કોઈ આવે તેને તેના દરેક પ્રશ્નના જવાબ મળી જ જાય અને એવું સ્વીકારનારો વર્ગ આજે બહોળા પ્રમાણમાં ફેલાઈ ચૂક્યો છે. ગુરુજીના મુખેથી નીકળતી વાણીનો અસ્ખલિત પ્રવાહ ચાલુ થાય અને સૌ કોઈ તેમાં ડૂબતા જાય. વ્હાલા ગુરુજીની હૃદયસ્પર્શી દિવ્યવાણી સૌને એમની કોરે સહેજે ખેંચાણ કરે, કરે ને કરે જ. જેમના બોલનારા સ્વયં શ્રીજીમહારાજ હોય એમાં ખેંચાયા વિના કેવી રીતે રહી શકે?

શિકાગો ખાતે વ્હાલા ગુરુજીનું વિચરણ ૮ વર્ષ પછી ગોઠવાયું હતું. ૮ વર્ષ પહેલાં સૌ જોગમાં તો આવેલા પરંતુ ગુરુજીનો નિકટથી લાભ મળેલ નહીં. પરંતુ આ વખતે ગુરુજીનું ત્રણ દિવસ ખૂબ જ નિકટનું સાંનિધ્ય મળ્યું. એક હરિભક્ત ત્રણ દિવસના સત્સંગ વિચરણ દરમ્યાન લાભ લઈ ખૂબ બળિયા બન્યા. ગુરુજી શિકાગોથી ક્લીવલૅન્ડ પધારવાના હતા. તે દિવસે તેઓ વાત કરતા હતા કે, "આ ત્રણ દિવસમાં ખૂબ ભર્યા થવાયું. કાલે સ્ટોર પર જવાની ઇચ્છા તો નથી પણ મને-કમને જવું પડશે. આ દિવ્યપુરુષનું સાંનિધ્ય છોડવાનું થશે ?" પાછળના દિવસોમાં લાભ લેવા ખૂબ પ્રયત્નો કર્યા પણ જૉબમાંથી રજા ન મળી. મુક્તો, ભૂત વળગે તોય છોડે નહિ તો આ તો શ્રીજીમહારાજે મોકલેલા દિવ્ય સત્પુરુષ અને એમના મુખેથી મહારાજના સંબંધવાળી વાતો નીકળે તો કોઈ છૂટી શકે? ન જ છૂટી શકે. આ તો ૪૪૦ વોલ્ટનો ઉઘાડો કરંટ. અડ્યો નથી કે ઉપાડ્યો નથી. ઠેઠ







મૂર્તિમાંથી આવતી વાતો છે તે ઠેઠ મૂર્તિમાં જ લઈ જાય. જે મૂર્તિથી, સુખથી ભરેલા હોય તે જ ભરી શકે.

જર્સીસિટી ખાતે સત્સંગ વિચરણ દરમ્યાન કાર્ય સત્સંગના એક હરિભક્ત ગુરુજીનો લાભ લેવા પધારેલા. સત્સંગમાં બળિયા અને જ્ઞાની હતા. તેઓએ ગુરુજીના મુખેથી એ સભામાં ગઢડા મધ્યના ૧૪મા વચનામૃત પર લાભ લીધો. આ વચનામૃતમાં ગુરુજીએ મહારાજના નિરુત્થાનપણા ઉપર વિશેષ લાભ આપ્યો હતો. સભા પૂરી થયા બાદ તેઓ ગુરુજીને એકલા મળવા આવ્યા. નતમસ્તક બન્યા અને વાત કરી, "ગુરુજી, હું છેલ્લા ૩૦ વર્ષથી સત્સંગમાં છું. વચનામૃત પણ ઘણી વાર વાંચ્યાં ને સાંભળ્યાં છે. પરંતુ આજે આપના મુખેથી નિરુત્થાનપણાનો અર્થ પહેલી વાર આટલી વિશેષ રીતે સાંભળ્યો." ગુરુજીની દિવ્યવાણીથી તેઓ એટલા પ્રભાવિત થયા કે ગુરુજી ચેરીહિલ ને એડિસન ખાતે જ્યાં જ્યાં લાભ આપવા પધાર્યા તેટલા દિવસ સાથે ને સાથે રહી પ્રીતિનો નાતો કેળવી લીધો.

ક્લીવલૅન્ડ ખાતે આયોજિત જાહેર સભામાં ગુરુજીએ હૅપી ફૅમિલિ સંલગ્ન વિષયો પર લાભ આપી અવરભાવ-પરભાવ તથા મંદિર અને ઘરના વ્યવહારોમાં સંતુલન જાળવવાની અલૌકિક રીત શીખવી. ઉપસ્થિત સૌ કોઈ આ લાભને તાળીઓના નાદથી વધાવતા રહ્યા. સભાના અંતે આયોજક મુક્તો પર ફોન આવવા લાગ્યા કે, "ગુરુજીની કથાવાર્તાની આ ક્લિપ મોકલી આપશો ? જેથી અમારા પરિવારના સભ્યો જે અહીં નથી આવી શક્યા તેઓ પણ આ લાભ લઈ શકે." આમ, આ સભામાં આવનાર સૌ કોઈને વ્હાલા ગુરુજીની દિવ્યવાણીથી ખૂબ સમાસ થયો.

યુ.એસ.એ.માં ચેરીહિલ, જર્સીસિટી, શિકાગો, ક્લીવલૅન્ડ, ઓહાયો, બોસ્ટન, એડિસન ખાતે તેમજ કૅનેડામાં ટોરન્ટો ખાતે વ્હાલા ગુરુજીની પ્રાતઃ સભા, કિશોર શિબિર, દિવ્ય સાંનિધ્ય શિબિર, આદર્શ પ્રૉજેક્ટના મુક્તોની શિબિર, હૅપી ફૅમિલિ અંતર્ગત જાહેર સભાઓમાં દિવ્યવાણીનો લાભ લઈ સૌ મુક્તો બળિયા બન્યા હતા અને મહારાજ તથા ગુરુમહિમાથી ભર્યા બન્યા હતા.

### દેહાતીત સ્વરૂપનું અથાગ-અવિરત વિચરણ

'વહેલા ઊઠ્યા ને મોડા સૂતા, રાતોની રાત એ પોઢ્યા નહીં.' ગુરુદેવ ઘણી વાર કહેતા, 'આ કારણ સત્સંગની લીલી વાડી છે.' આ કારણ સત્સંગની વાડીને લીલી રાખવા માટે આ બંને દિવ્યપુરુષોએ લોહીના પાણી કરી નાખ્યા છે. જેમણે પોતાના અવરભાવનાં દેહ, ઊંઘ, ભૂખ, દુઃખ કે થાક સામું ક્યારેય જોયું નહીં. એ વાતના આપણે સૌ કોઈ સાક્ષી છીએ.

લંડન ખાતે પ્રતિષ્ઠા ઉત્સવ પૂર્ણ કરી વ્હાલા ગુરુજી ચેરીહિલ ખાતે પધાર્યા. તા. ૭થી ૧૨ ઑગસ્ટ દરમ્યાન અહીં તમામ શિબિરોનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. સૌને સુખિયા કરવાનો વ્હાલા ગુરુજીનો અતિ આગ્રહ જણાઈ આવતો હતો. અહીં બધી શિબિરો પૅરેલલ ચાલી શકે તે મુજબ આયોજન ગોઠવાયું હતું. ચેરીહિલ પધાર્યા ને એક-બે દિવસ માંડ થયા હશે પણ વ્હાલા ગુરુજીને શિડ્યૂલ સેટ થતું ન હતું. એવામાં આગલા દિવસે વ્હાલા ગુરુજીને ફરી ઉજાગરો થયો હતો. અવરભાવની આટલી અવસ્થાએ આટલો થાક લાગવો એ બહુ સ્વાભાવિક છે. વળી, સંતોના નિયમ મુજબ જેટલી વાર ફ્લાઇટમાં બેસવાનું થાય તેટલા દિવસના ઉપવાસ પડી જાય. આવા સમયમાં પણ પંચવર્તમાન પાળવા-પળાવવાનો આગ્રહ જોઈ નતમસ્તક થઈ જવાય. બાહ્યદૃષ્ટિએ વિદેશ વિચરણ સારું લાગે પણ નિકટ રહેતા હોય તેમને જ ખ્યાલ હોય કે આ વિચરણ કેવું રહેતું હોય ? આ સ્થાને આપણે બે મિનિટ વિચારીએ તો ખ્યાલ આવે કે ૩૦ કિ.મી. નોકરી કરીને આવતી વ્યક્તિ પણ સાંજ પડ્યે થાકી જતી હોય તો ગુરુજી અવરભાવની આ ઉંમરે પણ સૌને સુખિયા કરવા



સત્પુરુષ જે સ્થાનમાં વિચરે તે તીર્થ બની જાય છે.





માટે વિના સ્વાર્થે અન્યના સુખના અર્થે આટલો દાખડો સહન કરી રહ્યા છે !! છતાંય બીજા દિવસે કથાવાર્તામાં તો એવા ને એવા તરોતાજાં દર્શન આપતા હોય. એક રાત્રે માંડ બે કલાક ઊંઘ આવી હશે પણ તોય એમને કથાવાર્તા કરતા સાંભળીએ ત્યારે કોઈ કહી ન શકે કે ગુરુજીને ઉજાગરો હશે. સંતોએ ખૂબ પ્રાર્થના કરી, “ગુરુજી, આપનું સ્વાસ્થ્ય બગડશે. પૂ. સંતો લાભ આપી દેશે. અત્યારે આપ આરામ કરો. આપ સાંજે લાભ આપજો.” ગુરુદેવને ચીલે ચાલેલા ગુરુજીએ કહ્યું કે, “અહીં આપણે પોઢવા નથી આવ્યા. જાગવા અને જગાડવા આવ્યા છીએ.” આ પરિસ્થિતિમાં પણ વ્હાલા ગુરુજીએ એક દિવસમાં નવ નવ કલાક લાભ આપી સૌને બળિયા કરતા. વાહ ! કેવું દેહાતીત સ્વરૂપ !

તા. ૧૨-૮-૨૦૨૫, શિબિરો પૂર્ણ થયા બાદ વ્હાલા ગુરુજી ચેરીહિલથી કેનેડા ખાતે પધારી રહ્યા હતા. ફ્લાઇટમાં બિરાજી ગયા. ફ્લાઇટ રન-વે પર ગઈ પણ આગળ વેધર સારું ન હોવાથી ઊપડી ન શકી તેથી પૅસેન્જરોને નીચે ઉતારવામાં આવ્યા. સૌ એરપોર્ટ પર વેઈટિંગમાં બેઠા. બીજી ફ્લાઇટ ક્યારે છે ? તે અંગે તપાસ કરતાં જાણવા મળ્યું કે હજુ નક્કી નથી. પ્રશ્ન એ હતો કે કૅનેડાનું વિચરણ માત્ર ત્રણ-ચાર દિવસનું જ ગોઠવાયું હતું. ગુરુજી કૅનેડા જઈને લાભ આપી સૌને સુખિયા કરવાનો આગ્રહ જણાવતા હતા અને સાથે વિવેકપૂર્ણ રીતે સમજાવતા કે, બધા મુક્તોએ રજાનું સેટિંગ કર્યું હોય. બધા મુક્તો દૂર દૂરથી લાભ લેવા આવતા હોય ને આપણે ન જઈએ તે ન ચાલે. ગુરુજીની આજ્ઞાથી નજીકના બીજા બે-ત્રણ એરપોર્ટ પર પણ તપાસ કરી પણ ક્યાંય મેળ ન પડ્યો. આ બાજુ ગુરુજી ખૂબ આગ્રહ જણાવતા કે, ફ્લાઇટ મળે તો રાત્રે જ પહોંચી જવાય તેમ કરવું છે. કારણ, બસ એ મુક્તોનો લાભ જતો ન રહે. સાંજના ૫:૩૦ વાગ્યાનો સમય હતો. અંતે ગુરુજીએ જણાવ્યું કે, “જો ફ્લાઇટ ડિક્લેર ન થાય તો ચેરીહિલથી ગાડી મગાવો. આપણે બાય કાર નીકળી જઈએ. ભલે કૅનેડા પહોંચતા રાતના ત્રણ-ચાર વાગી જાય.” મારું શું ? એનો તો વિચાર જ નહિ, પણ બીજાનું શું ? આહાહા ! હરિભક્તોનો લાભ જતો ન રહે તે માટે ગુરુજી આટલું સહન કરવા તૈયાર થઈ ગયા. આટલી ત્વરા જો શિષ્ય સમાજને ગુરુ પ્રત્યે હોય તો ઇતિહાસ કંઈક અલગ લખી શકાય. અંતે વેધર સારું થયું. નવી ફ્લાઇટ ઍનાઉન્સ થઈ અને રાત્રિના ૯:૩૦-૧૦:૦૦ વાગતાં કૅનેડા પહોંચ્યા. સળંગ ત્રણ દિવસ કૅનેડાના સત્સંગ સમાજને ખૂબ બળ પ્રદાન કર્યું.

આજ દિન સુધી જોયું છે કે અત્યાર સુધીના સત્પુરુષોએ કારણ સત્સંગના પ્રચાર-પ્રસાર માટે ખૂબ દાખડા સહ્યા છે. વ્હાલા ગુરુદેવ અને ગુરુજીએ પણ ખૂબ ઘસારા વેઠ્યા છે ને આજે પણ વેઠી રહ્યા છે. એક શિષ્ય તરીકે ગુરુનો ઘસારો, ભાર, ભીડો ઓછો કઈ રીતે થાય તે દિશામાં આપણે સૌ કોઈએ વિચારવું રહ્યું.

### કથાવાર્તા દ્વારા મહારાજ આપવાનો આગ્રહ

ગુરુજી સંગે જે જે મુક્તોએ વિચરણનો લાભ લીધો છે તે સૌને ખ્યાલ છે ગુરુજી એક મિનિટનો પણ વ્યર્થ કાળ પસાર ન કરે. કંઈક ને કંઈક સેવા-પ્રવૃત્તિ ચાલ્યા જ કરે. જેમાં સૌથી વધુ વ્હાલા ગુરુજી કથાવાર્તાનો મારો ચલાવે. ગાડીમાં હોય કે ફ્લાઇટમાં વચનામૃત કે બાપાશ્રીની વાત વંચાય જ. કાં તો કીર્તન ગવાતાં હોય. ક્યારેક ફ્લાઇટ મોડી હોય તો એરપોર્ટ પર સત્સંગ કરાવવાનો આગ્રહ જણાવે. ગુરુજીની સાથે સેવામાં પધારેલા સહજ મહારાજને એકલા બેસાડી ગુરુજીએ નિકટ બોલાવી અંગત લાભ આપ્યો, “અધ્યાત્મ માર્ગમાં કેવી રીતે આગળ વધો છો ? તેના માટે શું ખટકો રાખો છો ? કેવી રીતે લાભ લો છો ? આજે સભામાંથી શું શીખવા મળ્યું ?” નાની નાની, ઝીણી ઝીણી વિગતોને ગુરુજી વિગત વાર શિખવાડતા. આ રીત સૌ કોઈ માટે યાદગાર બની રહેતી.

દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી એટલે જીવાત્મના ડૉક્ટર.

વ્હાલા ગુરુજી શિકાગોથી ક્લીવલૅન્ડ ખાતે બાય કાર પધારી રહ્યા હતા. પોતાના વ્હાલસોયા દીકરા સમા પૂ. સંતો, STKના મુક્તો, SSPના મુક્તો અને છાત્રાલયના મુક્તોને તેઓ કેમ ભૂલી શકે ? ચાલુ ટ્રાવેલિંગ દરમ્યાન ઇન્ડિયા ખાતે દરેકને ૧થી ૧:૩૦ કલાક લાભ આપી સૌને સુખિયા કર્યા. છ કલાકની જર્ની હતી. આટલા વ્યસ્ત વિચરણમાં પણ એક સેકન્ડ આરામ નહીં. ધન્ય હજો મારા ગુરુજીને !

ગુરુજી ઇન્ડિયાથી નીકળ્યા ત્યારે ઓહાયોમાં રહેતા એક કિશોરને 'લાભ લેવા જરૂર આવજો' એમ કૉલ કરી જાણ કરી હતી. ગુરુજી ઓહાયો આવી પહોંચ્યા. સભામાં ને આજુબાજુ નજર કરી પણ તે કિશોરમુક્ત દેખાય નહીં. બીજા દિવસે જ્યારે તેઓ દેખાયા ત્યારે પૂછ્યું કે, "મુક્તરાજ, આપણે પૂરેપૂરો લાભ લેવાની વાત થઈ હતી." આગલે દિવસે તો મોડા આવ્યા પણ ગુરુજીએ બીજા દિવસે સમયસર આવવા જણાવ્યું પણ તેઓ ફરી કોઈ કારણસર મોડા પહોંચ્યા. ગુરુજીએ સભા વચ્ચે તેઓને ટકોર કરી, "કેમ મોડા આવ્યા ? આ ન ચાલે. અમે તમારા માટે જ તો અહીં આવ્યા છીએ. થોડા આગ્રહી બનો. ભૂખ્યા અને ગરજુ થાવ."

સદ્. ગુણાતીતાનંદ સ્વામી શિવલાલ શેઠને ભરસભામાં વઢતા. તેવાં જ દર્શન આજે ગુરુજીમાં થયા. સભામાં અમદાવાદથી એક અન્ય મોટેરા હરિભક્ત પણ આવ્યા હતા. તેઓ પણ લાભ ન લેતા હોવાનું જાણવા મળતાં ગુરુજીએ તેમને જાહેરમાં ટકોર કરી અસંતોષ જણાવ્યો, "જોડે આવ્યા પણ લાભ ન લઈ શક્યા તો શું કામનું ? અમને સંતોષ નથી. આ ન ચાલે." જેમ ગુરુદેવ બાપજી કોઈની મહોબત રાખ્યા વિના ટકોર કરતા એવા જ હૂબહૂ દર્શન ગુરુજીમાં થાય. સેવામાં સાથે રહેલા સંતોને પણ કહેતા કે, 'હરિભક્તોને કથાવાર્તા દ્વારા ખૂબ બળિયા કરજો.' એવો આગ્રહ તો વારે વારે જણાવતા હોય.

### એક એકની ચિંતા

આટલા વ્યસ્ત વિચરણ વચ્ચે પણ ગુરુજી નાનામાં નાની બાબતો માટે એક એકની ચિંતા રાખતા. તાઈવાનથી પ્રતીક મહારાજ ચેરીહિલ ખાતે શિબિરમાં લાભ લેવા આવ્યા હતા. તા. ૮-૮-૨૦૨૫ના રોજ તેઓ લાભ લઈ પાછા જવાના હતા. શિબિરમાં આખા દિવસ દરમ્યાન ૯ કલાકથી પણ વધુ સમય લાભ આપ્યા બાદ રાત્રિના સમયે ગુરુજી સંગે ગોષ્ઠિનું આયોજન થયું હતું. રાત્રે ૧૨ વાગે ગોષ્ઠિ પૂરી થઈ. ગુરુજી પધાર્યા અને પ્રતીક મહારાજ વ્હાલા ગુરુજીનાં દર્શન કરી રજા લઈ રવાના થયા. ૧૨:૧૦ વાગ્યે ગુરુજી તેમના આસને પોઢવા પધારી ગયા હતા. ૧૨:૨૦ વાગ્યે એટલે કે બરાબર દસ મિનિટ પછી ગુરુજી ઊભા થઈ સેવક સંતને બોલાવવા આવ્યા ને પૂછ્યું, "પ્રતીક મહારાજ નીકળી ગયા ?" સેવક સંતે કહ્યું, "હા મહારાજ, હમણાં જ નીકળી ગયા." સેવક સંતે કહ્યું, "ગુરુજી, આપ તો પોઢી ગયા હતા ને અચાનક જાગીને બહાર પધાર્યા તો કાંઈ કામ હતું ?" ગુરુજીએ કહ્યું, "ફાલ્ગુનભાઈ છે ?" એટલામાં મંદિરમાં સેવા કરી રહેલા ફાલ્ગુનભાઈને ગુરુજીએ કહ્યું, "પ્રતીક મહારાજ છેક તાઈવાનથી લાભ લેવા આવ્યા હતા. એ બહારનું કશું જમતા નથી. વળી, ત્યાં એવું બેઝિક ઇન્ડિયન ફૂડ પણ મળતું નથી. એમને તકલીફ ન પડે તે માટે તમે એમને ફોન કરીને જે જરૂર હોય તે આપજો." ફાલ્ગુનભાઈએ ફોન કર્યો ત્યારે પ્રતીક મહારાજ હજુ નજીકમાં જ હતા. ગુરુજીની આજ્ઞા મુજબ તેમને જમાડવા માટે નાસ્તા ભરી આપ્યા. નિયમ-ધર્મના આગ્રહી મુક્તો માટે તો મહારાજ અને મોટાપુરુષ અડધી રાત્રે ઊઠીને પણ સહાય કરવા તત્પર હોય છે. આ પ્રસંગ જોઈ સેવક સંતની આંખો ગુરુમહિમાથી છલકાઈ ગઈ. બીજા દિવસે બીજી શિબિર હતી તેમાં ફરી નવ કલાક લાભ આપવાનો હતો. છતાં ગુરુજી મોડી રાત્રે એક નાનામાં નાના હરિભક્તની સંભાળ રાખવા તત્પર બન્યા. કારણ, એ પુરુષના મતે કોઈ નાનું-મોટું નથી. સૌ





મહારાજના અનાદિમુક્ત છે.

ગુરુજીની સાથે સેવામાં રહેલા જિગર મહારાજનું સ્વાસ્થ્ય પણ બે દિવસ સારું ન હતું. જિગર મહારાજથી બિલકુલ બેસી શકાતું ન હતું. અસહ્ય દુખાવો હતો. જેથી વ્હાલા ગુરુજી વિચરણમાં પણ ક્યાંય સાથે ન લઈ જતા. ગુરુજીએ તો જણાવ્યું કે, 'જો આપને વધુ તકલીફ હોય તો બિઝનેસ ક્લાસની ટિકિટ કરાવી દઈએ. જાવ આરામ કરો.' આમ, વ્હાલા ગુરુજી માતૃવાત્સલ્ય આપી તેઓની પર્સનલ સાર-સંભાળ રાખતા અને સંતોના રસોડેથી જે કાંઈ જોઈતું હોય તે આપી ચિંતા રાખતા. હે મહારાજ ! શું કહું કૃપા તમારી ? આ દિવ્યપુરુષનો ખોળો આપી અમને ફવડાવી દીધા.

### બાળસહજ ગુરુજી

લંડન સત્સંગ વિચરણ દરમ્યાન સાયંકાળે એક નાનકડા બાળમુક્ત પોતાની બૅગ, નોટ-પેન લઈને ગુરુજી પાસે આવ્યા અને કહ્યું, "ગુરુજી, મેં આપના માટે ચાર પ્રશ્નો તૈયાર કર્યા છે. તમે એનો જવાબ લખી આપશો ?" બાળમુક્તની કાલીઘેલી ભાષા સાંભળી વ્હાલા ગુરુજીએ મંદ મંદ હાસ્ય રેલાવ્યું. ગુરુજીએ કહ્યું, "લાવો, લાવો, અમે જવાબ લખી આપીએ." એમ કહી ગુરુજી પેન વડે ડાયરીમાં ઉત્તર લખવા જાય તે પહેલાં બાળમુક્તે પોતાની બૅગમાંથી ગ્રીન સ્કૅચપેન કાઢી ગુરુજીને હસ્તમાં આપતાં પ્રાર્થના કરી, 'ગુરુજી, આ પેનથી જવાબ લખી આપો ને !' બાળસહજ ગુરુજીએ નાનકડા બાળમુક્તની પ્રાર્થના સ્વીકારી બધા જ ઉત્તર તેમની ડાયરીમાં તે સ્કૅચપેનથી લખી આપ્યા. આસપાસ ઊભેલા સૌ કોઈ ગુરુજીની બાળસહજ લીલાનાં દર્શન કરી રાજી થયા. પોતે પરભાવનું વિરાટ વ્યક્તિત્વ ને છતાં બાળમુક્ત સાથે બાળક જેવા !

એડિસન ખાતે કિરણભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં પધરામણી પૂર્ણ કરી ઘરમાંથી બહાર પધારી રહ્યા હતા. એટલામાં ચાર-પાંચ બાળકો દોડતાં દોડતાં ગુરુજી પાસે આવી પહોંચ્યાં. ગુરુજીએ બાળકોને પૂછ્યું, "તમે કંઈ નાસ્તો કર્યો ?" બાળમુક્તોએ ના પાડતાં ગુરુજીએ અન્ય એક મુક્તરાજ પાસે ડ્રાયફ્રૂટ ભરેલો થાળ મંગાવ્યો. ગુરુજીએ દરેક બાળમુક્તોમાં કોઈકને શર્ટના તો કોઈકને પૅન્ટના ખિસ્સામાં ખોબે ખોબે ડ્રાયફ્રૂટ ભરી આપ્યું અને કહ્યું, "આ લો, તમારું ચાર્જિંગ. ચાર્જિંગ ખૂટી જાય એટલે કહેજો. બીજું ભરી આપીશું હોં ને !" બાળમુક્તોને તો પ્રસાદી મળતાં જ ગૉળનાં ગાડાં આવ્યાં હોય એમ ત્યાંથી રવાના થઈ ગયા. મંદિરે સભા પૂર્ણ થયા બાદ સીધી જ પધરામણી ચાલુ થઈ ગઈ હોવાથી માતૃવાત્સલ્ય વરસાવી ગુરુજીએ બાળકોના અલ્પાહારની ચિંતા પણ રાખી.

### ચેરીહિલ ખાતે ઊજવાયેલ પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ચેરીહિલ ખાતે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તથા ૯મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો. યજમાન મુક્તોના ઘરેથી છાબયાત્રાના પ્રારંભથી આ ઉત્સવની શરૂઆત થઈ હતી. છાબયાત્રા મંદિરે પરત આવ્યા બાદ સૌ મુક્તોએ નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત સ્વામિનારાયણ મહાયાગ તથા મહાપૂજાનો લાભ લીધો હતો. વ્હાલા ગુરુજીએ હવનકુંડમાં શ્રીફળનું અર્ઘ્ય અર્પીને મહાયાગની પૂર્ણાહુતિ કરાવી હતી. વ્હાલા ગુરુજીએ પ્રતિષ્ઠા ઉત્સવની શરૂઆતમાં મહાપ્રભુને ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી સિંહાસન મધ્યે બિરાજમાન થવા માટે આહ્‌વાન કર્યું હતું. ત્યારબાદ ગુરુજીએ નૂતન મૂર્તિઓને ચંદન ચર્ચી પૂજનનો લાભ લીધો હતો. અન્ય સંતોએ પણ પૂજનનો લાભ લીધા બાદ ઘનશ્યામ મહાપ્રભુનો રાજોપચાર વિધિ કરવામાં આવ્યો હતો. સૌ યજમાન મુક્તોએ પ્રતીક મૂર્તિ સમક્ષ તેમજ યજમાન મુક્તો વતી વ્હાલા ગુરુજીએ અને પૂ. સંતોએ મુખ્ય સિંહાસનમાં મહાપ્રભુને વસ્ત્ર-અલંકારો ધારણ કરાવ્યાં તથા વિવિધ નૈવેદ્ય ધરાવ્યા. અંતમાં વ્હાલા ગુરુજીએ ઠાકોરજીને મુગટ ધારણ કરાવી, ભેટણ લીલા તથા ચમર ઢોળવાની સેવાનો લાભ લીધો હતો. વ્હાલા ગુરુજી સંગે આનંદોત્સવનો લાભ લીધા









બાદ ગુરુજીએ દિવ્ય આશીર્વાદ પાઠવ્યા હતા. આજરોજ સિંહાસનમાં કારણ સત્સંગની અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓ સાથે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

એ જ રીતે બોસ્ટન ખાતે પણ છઠ્ઠા વાર્ષિક પાટોત્સવ દરમ્યાન સિંહાસનમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ટોરન્ટો ખાતે ૧૫મા અને જર્સીસિટી ખાતે ૨૨મા વાર્ષિક પાટોત્સવની ઉજવણી વ્હાલા ગુરુજીની ઉપસ્થિતિમાં સંપન્ન કરવામાં આવી હતી.

### અભયદાનની આશીર્વર્ષા અને ફદલમાં કલ્યાણ

અભયદાન – કારણ સત્સંગની આગવી પરિભાષા. શ્રીજીમહારાજે મોટાપુરુષને આપેલો આગવો અધિકાર. મોટાપુરુષ જ્યારે ખીલે, જ્યારે મોજમાં હોય ત્યારે કોઈ દૃષ્ટિએ ચડે, અરે સંકલ્પમાં આવે તેને અભયદાન આપે. સ્વાંત નક્ષત્રમાં વરસાદ પડે અને માછલું અધ્ધરથી ઝીલી લે તે કરોડ કરોડના મોતી પાકે. તેમ મોટાપુરુષ જ્યારે અભયદાનની વર્ષા ચાલુ કરે ત્યારે તેમાં ભીંજવવા સૌ કોઈને લઈ આવવા. આપણને ખ્યાલ ન હોય, એ આપણો વિષય નથી, એ મોટાપુરુષનો વિષય છે અને કોઈ મુમુક્ષુ આ પુરુષનાં દર્શને આવી જાય તો બિચારાનું કામ નીકળી જાય. પૂ. સંતો પણ દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ મુમુક્ષુને મોટાપુરુષ સુધી લઈ આવવા માટે જ કરે છે. આવો, એવા અભયદાનની આશીર્વર્ષાના સાક્ષી બનીએ.

લંડન ખાતે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યોજાયેલ નગરયાત્રામાં ગુરુજીએ પૂ. સંતોને કહ્યું હતું, “સંતો, મહારાજને ખૂબ પ્રાર્થના કરજો. હે મહારાજ, આજે જે કોઈ આપનાં બે હાથ જોડી દર્શન કરે કે આપની સામું પણ જુએ. અરે, આ નગરયાત્રાનાં પણ કોઈ દર્શન કરે તેનું આ ને આ જન્મે પૂરું કરજો.”

લંડન પ્રતિષ્ઠા ઉત્સવ પૂર્ણ થયા બાદ દેશ-વિદેશના હરિભક્તો સાથે લંડનની થેમ્સ નદી પર બોટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્હાલા ગુરુજી સંગે સંતો-હરિભક્તો તેમજ મહિલા વિભાગમાં પણ પૂ. ત્યાગી મહિલામુક્તો સાથે મહિલા હરિભક્તોના સત્સંગ પ્રવાસનું આયોજન થયું હતું. આજે ગુરુજી મોજમાં હતા. ગુરુજીએ તો અભયદાનની આશીર્વર્ષા ચાલુ કરી : “આજથી આ નદીનું નામ ‘અનાદિ રિવર’ રાખવામાં આવે છે. ગુરુદેવે અહીં ખૂબ સંકલ્પો વહાવેલા છે. આજે હરિકૃષ્ણ મહારાજના અભિષેકનું જળ પણ અહીં પધરાવેલ છે. મહાપ્રભુને પ્રાર્થના, હે મહારાજ, જ્યાં જ્યાં અને જેના જેના મુખે આ નદીનું પાણી જાય એ બધાયનો છેલ્લો જન્મ. સૌને આ જન્મે નહિ તો આવતે જન્મે કારણ સત્સંગમાં લાવી છેલ્લો જન્મ કરાવજો.” ગુરુજીના મુખમાંથી નીકળેલા અભયદાનને સૌએ તાળીઓથી વધાવી લીધું. અમદાવાદમાં સાબરમતી રિવર પર જેમ બ્રિજ છે તે રીતે લંડનમાં પણ આવા ૫-૭ બ્રિજ છે. દરેક બ્રિજ નીચેથી બોટ પસાર થાય એટલે વ્હાલા ગુરુજી સંકલ્પ વહાવતા, “હે મહારાજ, આ બ્રિજ પરથી હજારો વાહનો દરરોજ પસાર થતા હશે. હવેથી જે કોઈ અહીંથી પસાર થાય તે બધાયને કારણ સત્સંગમાં લાવી સૌનો છેલ્લો જન્મ કરાવી નાખજો.” મોટા મોજમાં હોય ત્યારે ઠેઠના હિસાબો ચૂકતે કરી નાખે.

કેનેડામાં ટોરન્ટો ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી પધરામણી અર્થે પધાર્યા હતા. જ્યાં પધરામણી હતી તે બિલ્ડિંગ ૬૦ માળની હતી. ગુરુજી લિફ્ટમાં બિરાજ્યા ને આશીર્વાદ વહાવ્યા, “હે મહારાજ ! આપે જેતલપુરના ચોથા વચનામૃતમાં કહ્યું છે, ભગવાન કે ભગવાનના મોટા સંત નદી, તળાવના આરાને વિષે પગ મૂકે તે તીર્થરૂપ થઈ જાય છે. તો આજે આ લિફ્ટમાં તમે બિરાજ્યા છો તો હવે પછી આ લિફ્ટમાં જે કોઈ



કથાવાર્તા દ્વારા સૌને ભગવાન આપવામાં કદી ન થાકે એ જ દેહાતીત સત્પુરુષ.




બેસે તેને કારણ સત્સંગમાં ખેંચી લેજો.''

જર્સીસિટી ખાતે પધરામણી ચાલી રહી હતી. વ્હાલા ગુરુજી ગાડીમાં બિરાજ્યા હતા. ઈન્ડિયામાં જેમ ભિક્ષુક ભિક્ષા માગે તેમ વિદેશમાં જે ભિક્ષુક હોય તેઓ પોતાને જે કળા આવડતી હોય તે પ્રદર્શિત કરે અને નીચે હેલ્પ અસ એવું બોર્ડ લગાવ્યું હોય. રસ્તે આવતા-જતા લોકો તેમાં દાન આપે તેનાથી તેમનું ગુજરાન ચાલે. એક ભિક્ષુક ફ્લૂટ વગાડી રહ્યા હતા. વ્હાલા ગુરુજીની નજર પડતાં જ ગુરુજીએ દૃષ્ટિએ કરી છેલ્લા આશીર્વાદ વહાવ્યા, ''હે મહારાજ ! બીજા લોકો તો એને કદાચ બે-પાંચ ડૉલર આપશે. આજે અમારા દ્વારા આપની દૃષ્ટિ પડી છે; એને મૂર્તિમાં રાખી લેજો.''

તા. ૧૩-૮-૨૦૨૫ના રોજ વ્હાલા ગુરુજી હરિકૃષ્ણ મહારાજ સંગે ચેરીહિલથી કૅનેડા પધારી રહ્યા હતા. વ્હાલા ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજને ફ્લાઈટની વિન્ડોમાંથી નીચે દૃષ્ટિ રેલાવતા હોય તે રીતે હસ્તમાં લઈ પ્રાર્થના કરી, ''હે મહારાજ, હે બાપા, હે સદ્‌ગુરુઓ, હે ગુરુદેવ જ્યાં જ્યાં આપની દૃષ્ટિ પડે તે સૌને કારણ સત્સંગમાં ખેંચજો અને છેલ્લો જન્મ કરાવી દેજો.''

મોટાપુરુષનું વિચરણ મોક્ષાર્થી જીવો માટે જ હોય છે; વિદેશમાં ફરવા માટે નહીં. મોટાપુરુષ વિચરણ દરમ્યાન સંકલ્પનાં વાવેતર કરતા હોય. એ મોટાની આગવી રીત છે. એમાં જીવને કંઈ ખ્યાલ ન આવે. આપણે તો બસ એવા પુરુષને હસ્ત જોડી નતમસ્તક થઈ જવું. એમાં આપણું કામ થઈ જાય. આવા પુરુષનાં એક વાર જે કોઈને દર્શન થઈ જાય એ જીવનું પૂરું થઈ જાય. મોટાપુરુષનાં દર્શને બે જણને લાવી રાજીપાના ભાગીદાર બની જવું. આજે આ સત્સંગનો યોગ છે તેનું કારણ નક્કી આપણે પણ એવા મોટાપુરુષના મુખમાંથી નીકળેલા અભયદાનની આશીર્વર્ષામાં આવી ગયા હોઈશું અને તો જ આવો મહામૂલો જોગ મળે.

**પ્રત્યક્ષ દર્શનથી અહોભાવ પામ્યા**

વ્હાલા ગુરુજીની હૃદયસ્પર્શી દિવ્યવાણી યૂ-ટ્યૂબના માધ્યમ દ્વારા આજે દેશ-વિદેશના ખૂણે ખૂણે પહોંચી રહી છે. હજારો મુમુક્ષુઓ આ લાભ લઈ પોતાનું જીવન બદલી રહ્યા છે. જીવનમાં કદી વિચાર્યું પણ નહિ હોય કે આ સ્વામીને મળી શકાશે ? મળવાનું થશે પણ ખરું કે નહીં ? એવામાં આ દિવ્યપુરુષને પોતાની નજર સમક્ષ નિહાળતાં લોકોની આંખોમાંથી વરસેલી અશ્રુધારાનાં દર્શન કરીએ.

નેવાર્ક એરપોર્ટ પરથી વ્હાલા ગુરુજી પધારી રહ્યા હતા. એવામાં એક મહિલા સભ્યએ દૂરથી વ્હાલા ગુરુજીનાં દર્શન કર્યાં. પોતે વ્હિલચૅર પર હતાં. તેઓએ તેમની સાથે રહેલા સભ્યોને જણાવ્યું કે, ''આ મહારાજની કથા હું દરરોજ સાંભળું છું. આજે પ્રત્યક્ષ દર્શન થઈ ગયાં. એમની વાતો અદ્‌ભુત હોય છે.''

ટોરન્ટો ખાતે પધરામણી દરમ્યાન એક કૅનેડિયન નાગરિકે વ્હાલા ગુરુજીને જોતાં જ એક વાક્ય કહ્યું, ''The greatest priest I have ever seen.'' એનો અર્થ કે 'મેં મારા જીવનમાં આવા મહાન સંત પ્રથમ વાર જોયા.' ગુરુજીએ મહારાજને પ્રાર્થના કરી, દૃષ્ટિથી વર્તમાન ધરાવી તેમનું પૂરું કરી નાખ્યું.

શાર્લટમાં રહેતા રાકેશભાઈનાં પત્ની વિદેશી નાગરિકતા ધરાવે છે. તેઓને તો આ સત્સંગમાં બહુ વિશેષ ખ્યાલ ન આવ્યો પણ જ્યારે ગુરુજીનાં સૌપ્રથમ વાર દર્શન કર્યાં ત્યારે તેમની આંખોમાંથી આંસુ નીકળી આવ્યાં અને તેમણે રાકેશભાઈને કહ્યું, ''આ સ્વામીની ડિવાઈન પર્સનાલિટી છે. જે મને ટચ કરી ગઈ.''

મોટાપુરુષની ઓરા કોઈ દેશી-વિદેશીમાં ભેદ ન કરે. જે મુમુક્ષુ હોય તે જ એ પુરુષની કરુણાવર્ષામાં ભીંજાઈ શકે. એડિસનથી દિલ્હી એરપોર્ટ પર ગુરુજી પધાર્યા. ત્યાં હૉલ્ટ દરમ્યાન એક અન્ય સંસ્થાના હરિભક્ત ગુરુજીનાં દર્શને આવ્યા ને કહ્યું, ''હું આપની કથા નિયમિત રીતે સાંભળું છું. પણ આજે

**માયાના ઘોર અંધકારમાં સૂતેલા જીવોને જગાડવા એ સત્પુરુષનું કર્તવ્ય છે.**



આપનાં પ્રત્યક્ષ દર્શન થઈ ગયાં.” થોડી વાર પછી અન્ય એક બિનસત્સંગી ભાઈ આવ્યા. તેઓ પણ ગુરુજીની કથાવાર્તા દ્વારા અનેરું આકર્ષણ અનુભવી રહ્યા હતા. જેઓ દર્શન કરીને કૃતાર્થ બન્યા.

મુશળધાર વરસાદ વરસતો હોય એમાં કોઈ પલળ્યા વિના રહી જાય તો નક્કી એણે છત્રી કે રેઈનકોટ પહેર્યો હોવો જોઈએ. નહિ તો પલળ્યા વિના રહે જ નહીં. આપણે પણ મોટાપુરુષની કૃપાવર્ષામાં ભીંજાઈ જવું. મનુષ્યભાવ કે દોષરૂપી છત્રી કે રેઈનકોટ ન રાખવાં; તો કામ થઈ જાય.

**ઇન્ડિયા ખાતે ભવ્ય આગમન**

૪૦ દિવસનું વિદેશ સત્સંગ વિચરણ પૂર્ણ કરી તા. ૩-૯-૨૦૨૫ના રોજ વ્હાલા ગુરુજી દિલ્હી થઈ અમદાવાદ એરપોર્ટ પર પધારી રહ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર સાયંકાળે હરિભક્તોની વિશાળ જનમેદનીએ જયજયકારના નાદ સાથે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું તાળીઓના ગડગડાટથી ભવ્ય સ્વાગત કર્યું. એક એકના મસ્તક પર હસ્ત મૂકી દર્શન-આશીર્વાદ વહાવતા થકા ગુરુજી સ્વામિનારાયણ ધામ પર પધાર્યા. રંગોળી મધ્યે, ગુરુકુલની બૅન્ડ ટીમના મ્યુઝિક સાથે હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનું આગમન થયું ત્યારે વરસાદે પણ અમીછાંટણાં વરસાવી પોતાની ખુશી વ્યક્ત કરી. મોટાપુરુષ પધાર્યા એનો તેને પણ આનંદ હતો. પ્રાર્થના મંદિરમાં દર્શન કરી વ્હાલા ગુરુજીએ સૌને દર્શન-આશીર્વાદ આપી સુખિયા કર્યા.

આમ, ૪૦ દિવસના સત્સંગ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ ૧ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ, ૧ પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ, ૪ પાટોત્સવ, ૧ સંયુક્ત સભા, ૧ સ્ટાફ સભા, ૪ સ્વાગત સભા, ૨૩ પ્રાતઃ સભા, ૨ કિશોર સભા, ૨ દિવ્ય સાંનિધ્ય શિબિર, ૨ આદર્શ પ્રૉજેક્ટ સભા, ૬ રાજીપા સભા, ૨ સંકલ્પ સભા, ૨ અંગત સભા, ૩ જાહેર સભા, ૩ આઉટિંગ સભા, ૭ હૅપી ફૅમિલિ સભા, ૨ બાળ સભા, ૨ સંત સભા, ૮ ઉપાસના સભા, ૫ સંધ્યા-રાત્રિ સભા, ૧ કિશોર શિબિર, ૧૨૭ અંગત બેઠકો, ૧૧૭ પધરામણી, ૧૧ રસોઈ, ૧૬ મહાપૂજા તથા જનોઈ સમૈયાનો લાભ આપી કુલ ૨૧૭૨પથી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.



# વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









'કરવો પ્રચાર દુનિયા પાર, સંકલ્પ કીધો છે નિરધાર.' આ નેમ સાથે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી પૂ. સંતોનું વિદેશ વિચરણ ગોઠવાયું. તા. ૧૭ જુલાઈના રોજ ઇન્ડિયાથી લંડન સેન્ટરના પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામી સાથે પૂ. પ્રેમસ્વામી, પૂ. પવિત્રસ્વામી, પૂ. મનનસ્વામી અને પૂ. ધ્યેયસ્વામી આ પાંચ સંતોનું મંડળ લંડન જવા માટે રવાના થયું. પૂ. સંતો લંડન વિચરણ દરમ્યાન પ્રારંભમાં લંડન પ્રતિષ્ઠા અન્વયેની પૂર્વતૈયારી – ઘેર ઘેર હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોની પધરામણીનો પ્રૉજેક્ટ તથા પ્રતિષ્ઠા નિમિત્તેની મિટિંગો, તાલીમ, પ્રોગ્રામ, સાઇટ વિઝિટ વગેરે સેવાકાર્યમાં જોડાયા હતા. લંડનના તેમજ દેશ-વિદેશથી પધારેલા હરિભક્તોએ તા. ૨૫થી ૨૭ ત્રણ દિવસ લંડન પ્રતિષ્ઠા પ્રોગ્રામ અને તા. ૨૮ અને ૨૯ બે દિવસ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગોઠવાયેલ શિબિર, પધરામણી તથા પ્રવાસનો લાભ લીધો હતો. લંડનમાં ઇસ્ટબોર્ન, વૉટર્ફોર્ડ, ઈસ્ટ લંડન, કોવેન્ટ્રી, બર્મિંહેમ, લેસ્ટર જેવા જુદા જુદા વિસ્તારોમાં પણ સત્સંગ સભા, પધરામણી દ્વારા હરિભક્તો સાચા અર્થમાં સત્સંગના માર્ગે આગળ વધ્યા. વળી, લંડન મંદિરેથી જર્મની, પોલૅન્ડ, ઇટલીમાં પણ હરિભક્તોના ઘરે ઑનલાઇન પધરામણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિચરણ દરમ્યાન ૧૦ પ્રાતઃ સભા, ૩ યુવક સભા, ૩ કિશોર સભા, AYP-પ્રિ-મુમુક્ષુ સભા, ૬ અંગત સભા, ૨ કીર્તન ઓચ્છવ પ્રોગ્રામ, ગુરુદેવ સ્મૃતિ દિન (મહાત્મ્ય દિન) સભા, કિશોરો સાથે દાબડા ઉત્સવ, ૩૫થી વધુ મિટિંગો, તાલીમ, ૩૦થી વધુ હરિભક્તો સાથે અંગત બેઠક, ૪ રસોઈ, ૮૫ પધરામણી, ૨ મહાપૂજા જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા સર્વે આબાલવૃદ્ધ વર્ગને આધ્યાત્મિક અને વ્યવહારિક જીવનનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં. તે પછીથી અગાઉ તા. ૧૨ જુલાઈથી લંડન વિચરણ અર્થે ગયેલ પૂ. નિયમસ્વામી, પૂ. વંદનસ્વામી પૂ. નિર્ગુણસ્વામીના મંડળ સાથે જોડાયા હતા.

આ રીતે કુલ ૩૫ દિવસના પૂ. સંતોના વિચરણ બાદ તા. ૨૧ ઑગસ્ટ રાત્રે હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. નિર્ગુણસ્વામીનું મંડળ ઇન્ડિયા પરત પધાર્યું હતું.

**હરિરસ પીએ સૌને પાય, સાચા સાધુ એમ ઓળખાય જી.**

# વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. સંતોનું યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









'કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ.' ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખકમળમાંથી નીકળેલા આ સંકલ્પને અધ્ધરથી ઝીલી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી પૂ. સંતો દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ કરી અનંત મુમુક્ષુઓને બળિયા કરતા હોય છે. ગુરુદેવના અને ગુરુજીના સંકલ્પે આ વર્ષે લંડન ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ દિવ્યતાથી અને ભવ્યતાથી ઊજવવાના સંકલ્પને સાકાર કરવા પૂ. સંતોનું તા. ૨૬-૬-૨૦૨૫થી તા. ૧૨-૮-૨૦૨૫ દરમ્યાન યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું. પ્રાણપ્યારા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. અદ્ભુત સ્વામી, પૂ. સુખસ્વામી, પ.ભ. નૈનેષભાઈ પટેલ તથા પ.ભ. મિતેષભાઈ પટેલ યુ.કે. ખાતે સત્સંગ વિચરણ અર્થે પધાર્યા હતા.

તા. ૨૬-૬-૨૦૨૫ના રોજ વ્હાલા ઘનશ્યામ મહારાજ તથા પૂ. સંતોના આગમનને લંડનના તમામ હરિભક્તોએ આનંદની ઊર્મિઓથી હરખભેર વધાવ્યું હતું. આ સત્સંગ વિચરણ દરમ્યાન આયરલૅન્ડ, લેસ્ટર, બર્મિંગહામ, મૉન્ચેસ્ટર, ઈસ્ટ લંડન, વૉટફૉર્ડ ખાતે સત્સંગ સભાઓનું આયોજન થયું હતું. જેમાં સર્વે મુમુક્ષુઓને પ્રતિષ્ઠામાં પધારવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમજ વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતો એક એક હરિભક્તોના ઘરે પધરામણી અર્થે પધાર્યા હતા. આ ઉપરાંત પ્રાતઃ સભા, મહિમા ગોષ્ઠિ, અંગત સભા, યુવક સભા, કિશોર સભા, બાળ સભા, કાર્યકર ડે, અંગત બેઠકો, શિબિરો, ટ્રેનિંગ, AYP સભા, પ્રિ-મુમુક્ષુ સભા, હરિભક્તોના ઘરે મહાપૂજા, રસોઈ તેમજ વન ડે પિકનિક જેવાં વિવિધ આયોજનો દ્વારા સૌને મહારાજ ને મોટાપુરુષને રાજી કરી લેવાના માર્ગે આગળ વધવા માટે બળ પ્રાપ્ત થયું હતું. આમ, યુ.કે. ખાતેના ૪૮ દિવસના સત્સંગ વિચરણ દરમ્યાન ૨૩૫ પધરામણી, ૩ મહાપૂજા, ૪ રસોઈ, ૫૨ સભા તથા શિબિરો આદિ પ્રોગ્રામો દ્વારા ઠેર ઠેર છૂટા છવાયા વિસ્તારોમાં રહેતા નવા-જૂના હરિભક્તોને બળિયા કરી આ સંત મંડળે તા. ૧૨-૮-૨૦૨૫ના રોજ ઇન્ડિયા આવવા માટે પ્રસ્થાન કર્યું હતું. તા. ૨૯ જુલાઈથી પૂ. સુખસ્વામી વ્હાલા ગુરુજી સાથે યુ.એસ. એ. વિચરણમાં જોડાયા હતા તથા પૂ. વૈરાગ્યસ્વામી પૂ. અદ્ભુતસ્વામી સાથે પરત પધાર્યા હતા.



સંતનું જીવન અગરબત્તી જેવું પરોપકારી હોય છે.

## દિવાળી ચોપડાપૂજન

શ્રી ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય સાંનિધ્યમાં દીપાવલીના દિવસે દર વર્ષે ચોપડાપૂજનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ તથા વિદેશના તમામ સેન્ટરોમાં તા. ૨૦-૧૦-૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૮થી ૧૦ દરમ્યાન એકસાથે ઑનલાઇન zoom દ્વારા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સૌને ચોપડાપૂજનમાં લાભ આપશે. જેમાં તમામ ગૃહસ્થ સત્સંગી વેપારીબંધુઓએ પોતાના નજીકના સેન્ટરમાં અગાઉથી નામ નોંધાવી દેવું. તેમજ આ દિવસે પોતાની સાથે વેપાર-ધંધાના, ઑફિસના કે ઘર માટેના ચોપડા, દૈનિક રોજમેળ, વાર્ષિક ખાતાવહી વગેરે લઈને પોતાના સેન્ટરના મંદિરમાં અવશ્ય પધારવું. આ પ્રસંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદથી સેન્ટરના પૂ. સંતો તમામ ચોપડાને પ્રસાદીભૂત કરશે. આ અણમોલ અવસરે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**સમય : સવારે ૮થી ૧૦ ● સ્થળ : સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર**

**ખાસ નોંધ :** ચોપડાપૂજન બાદ સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમ્યાન સદ્. ઈશ્વરબાપા સ્મૃતિ દિન ઊજવાશે. જેનો લાભ એસ.એમ.વી.એસ. યૂ-ટ્યૂબ ચૅનલ પરથી લાઇવ કરવામાં આવશે. સૌ મુક્તોએ પોતપોતાના સેન્ટરમાં અચૂક સમયસર પહોંચી આ લાભ લેવો અને લેવડાવવો. વધુ માહિતી માટે આપના સેન્ટરના અગ્રેસર મુક્તોનો સંપર્ક કરવો.

## નૂતન વર્ષે અન્નકૂટ આરતી તથા આશીર્વાદ સભા

આપણા સૌના જીવનના અતિ આનંદના સર્વોત્તમ પ્રસંગે એટલે કે નૂતન વર્ષે આપણે ભગવાન સ્વામિનારાયણ, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતોના આશીર્વાદ અવશ્ય લેવા જોઈએ. એમના આશીર્વાદથી જ જીવનમાં સફળ અને સુખી થવાય. તો બેસતા વર્ષના દિવસે સંસ્થાના તમામ સેન્ટરોમાં આશીર્વાદ સભાનું આયોજન કરવામાં આવશે. જેમાં સંસ્થાના આદ્ય સ્થાન વાસણા મંદિર ખાતે યોજાતી આશીર્વાદ સભાનો જીવંત પ્રસારણ (લાઇવ વેબકાસ્ટ) દ્વારા સમગ્ર હરિભક્ત સમાજને લાભ મળશે.

**નોંધ :** આ આશીર્વાદ સભાનો લાભ લેવા માટે આપના નજીકના એસ.એમ.વી.એસ.ના મંદિરોમાં પૂ. સંતો તથા અગ્રેસરોનો સંપર્ક કરવો.

**દિવ્ય આશીર્વાદ સભા : તા. ૨૨-૧૦-૨૦૨૫, બુધવાર. સવારે ૭:૩૦થી ૮:૩૦**

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ**

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અન્નકૂટ આરતી તથા દર્શન :**

● સવારે ૬:૦૦ ઘનશ્યામનગર ● સવારે ૭:૦૦ ઇસનપુર ● સવારે ૭:૩૦ વાસણા ● સવારે ૧૦થી ૧૨ ગોધર

## સ્વામિનારાયણ લગ્નપ્રથા - સાત્ત્વિક લગ્નોત્સવ

કારણ સત્સંગના સિદ્ધાંતો મુજબ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ૨૫મો સાત્ત્વિક લગ્નોત્સવ તા. ૭-૧૨-૨૦૨૫ ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ પ્રથામાં એસ.એમ.વી.એસ.ના નિકટવર્તી હરિભક્તોએ અચૂક જોડાવું. આ સાત્ત્વિક લગ્નપ્રથાથી આપણી સર્વોપરી ઉપાસના અને પતિવ્રતાની ભક્તિ અખંડિત રહે, રજોગુણી વાતાવરણથી મુક્તિ મળે, લોકલાજમાં દેખાદેખીથી થતા ખોટા ખર્ચાઓ બંધ થાય તેમજ શ્રીજીમહારાજના દિવ્ય સાંનિધ્ય ને સાક્ષીએ લગ્નોત્સવ થાય જેમાં એમનો અપાર રાજીપો થાય છે. આ લગ્નપ્રથામાં જોડાવા માટે નીચેના હરિભક્તોનો સંપર્ક કરવો :

**● અમૃતભાઈ ધૂળાભાઈ પટેલ (સ્વા.ધામ) – ૯૯૨૫૨૩૭૦૧૧ ● અમૃતભાઈ મગનભાઈ પટેલ (વાસણા) – ૯૯૨૫૩૨૦૭૯૫**

**(નોંધ : એક દિવસના સાત્ત્વિક લગ્ન પ્રસંગ ઊજવવા ઉત્સુક પરિવારો માટે 'બાપાશ્રી હૉલ'ની સગવડ ઉપલબ્ધ છે.)**

**સંપર્ક : રાજુભાઈ એ. પટેલ – ૯૪૨૭૬૭૭૫૦૯**



દિવ્યભાવમાં ડૂબવાનો અવસર એટલે જ્ઞાનસત્ર.

## જ્ઞાનસત્ર : ૧૯

**૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ઑક્ટોબર ૨૦૨૫**

**કારતક સુદ ત્રીજથી આઠમ સુધી (શુક્રવારથી મંગળવાર)**

**સ્થળ : સ્વામિનારાયણ ધામ,**
**કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.**





કુમકુમ મંદિરેથી સંસ્થાના લંડન મંદિરે દર્શને પધારેલ પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીજી તથા પૂ. સંતો– હરિભક્તો તથા કુમકુમ લંડન મંદિરે પધારેલ વ્હાલા ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતો

## મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

**મૂ. નિ. હરગોવનભાઈ ખોડાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૫, મહેસાણા; તા. ૧૧-૮-૨૦૨૫**

**મૂ. નિ. ચુનીભાઈ નારાયણભાઈ રાઠોડ, ઉંમર વર્ષ-૫૭, ઘનશ્યામનગર; તા. ૨૪-૮-૨૦૨૫**

**મૂ. નિ. ભારતીબેન કિશનલાલ લહેરૂ, ઉંમર વર્ષ-૭૨, નવી મુંબઈ; તા. ૯-૮-૨૦૨૫**

**મૂ. નિ. ગૌરીબેન ભોગીલાલભાઈ મકાણી, ઉંમર વર્ષ-૮૩, કેનેડા; તા. ૨૩-૮-૨૦૨૫**

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.

## SKS સ્પિરિચ્યુઅલ કૅમ્પ

તા. ૫, ૬, ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સ્વામિનારાયણ ધામ ખાતે ત્રિ-દિવસીય SKS કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પ દરમ્યાન સિલેકટેડ કિશોરમુકતોને પૂ. સંતોના સાંનિધ્યમાં વિવિધ આધ્યાત્મિક વિષયો પર પ્રવચન-કથાવાર્તા દ્વારા લાભ, ગ્રૂપ ગોષ્ઠિ, વર્કશોપ આધારે વિષયની પ્રૅક્ટિકલ સમજૂતી, ઍક્ટિવિટી, અંગત બેઠક આદિ માધ્યમો દ્વારા સત્સંગનું સવિશેષ બળ પ્રાપ્ત થયું હતું. વળી, વ્હાલા ગુરુજીના વિદેશ વિચરણ બાદ ચાર દિવસ પછી તરત જ અવરભાવના નાદુરસ્ત સ્વાસ્થ્ય તથા અતિ વ્યસ્ત શિડ્યૂલમાં પણ પોતાના વ્હાલસોયા કિશોરોને 'આપણું જીવન આદર્શ-સિદ્ધાંતો સાથેનું જોઈએ' તે વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી માતૃવાત્સલ્યનાં દર્શન કરાવ્યાં હતાં. ગુરુજીએ છેલ્લે કિશોરમુકતોને પ્રસાદીનો તથા ભેટણ લીલાનો લાભ આપી સૌ પર ખૂબ રાજીપો વરસાવ્યો હતો. આ SKS કૅમ્પમાં સિલેકટેડ કિશોરો 'Chat GPT' થીમના માધ્યમે લાભ લઈ બળિયા થયા હતા. વરસાદ, શારીરિક નાદુરસ્તી તથા ઍક્ઝામ વચ્ચે પણ ઘણા મુકતો કૅમ્પનો લાભ લઈ ગુરુજીનો સવિશેષ રાજીપો કમાયા હતા. આમ, આ SKS કૅમ્પમાં ૮૫ જેટલા કિશોરો રાજીપાના માર્ગે આગળ વધવાનું બળ પ્રાપ્ત કરી છૂટા પડ્યા હતા.

## SBS સ્પિરિચ્યુઅલ કૅમ્પ

કારણ સત્સંગના ભાવિ રખેવાળ સમાન સંકલ્પના બાળકો એટલે જ SBSના બાળમુકતો. આવા બાળમુકતોના આધ્યાત્મિક ઘડતર માટે આ ઑગસ્ટ માસ દરમ્યાન બાળમુકતોના ગ્રૂપ પ્રમાણે ત્રણ કૅમ્પનું આયોજન સ્વામિનારાયણ ધામ ખાતે અને એક કૅમ્પ સુરત ખાતે એમ કુલ ચાર કૅમ્પનું આયોજન પૂ. સંતોના સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું. આ કૅમ્પમાં વ્હાલા ગુરુજીના સંકલ્પે બાળમુકતોને નિજદર્શન, સાંખ્યજ્ઞાન અને મોટાપુરુષ સાથે પ્રીતિ જેવા વિષયો પર પૂ. સંતોની કથાવાર્તા, વિડિયો દર્શન, ઍક્ટિવિટી, વર્કશોપ તથા ગ્રૂપ ગોષ્ઠિ, અંગત બેઠકના માધ્યમે અલગ અલગ પૂ. સંતોનો પ્રૅક્ટિકલ સમજૂતી સાથેનો લાભ મળ્યો હતો. જેને લઈને બાળકોમાં નાની ઉંમરથી ઉચ્ચ આધ્યાત્મિકતાના પાઠોનું સિંચન થયું હતું. વળી, પૂ. સંતોના હસ્તે પિરસણ લીલાનો લાભ પણ મળ્યો હતો. આ જ રીતે બાલિકા વિભાગમાં SBS સંકલ્પ બાલિકા મુકતોને પણ પૂ. ત્યાગી મહિલામુકતોના સાંનિધ્યમાં વિશેષ લાભ મળ્યો હતો. આમ, કુલ ૨૧૦ જેટલાં બાળ-બાલિકા મુકતો આ કૅમ્પનો લાભ લઈ વ્હાલા ગુરુજીને રાજી કરવાના સંકલ્પમાં વધુ પરિપકવ બન્યાં હતાં.



એસ.એમ.વી.એસ.ના બાળ, અમે રખવાળ કારણ સત્સંગના.

ભક્તિ ગૃહ ઉદ્યોગ દ્વારા

# દિવાળી સ્પેશિયલ

BHAKTI NAMKEEN
Purity of Swaminarayan

શુદ્ધ, સ્વાદિષ્ટ અને પવિત્ર ખાસ સત્સંગી બંધુઓ માટે

## સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ-નિયમે યુક્ત ફરસાણ તથા મીઠાઈઓ

### નમકીન

તીખું ચવાણું
ડ્રાયફ્રૂટ ચવાણું
ખાટું-મીઠું ચવાણું
પૌંવાનો ચેવડો
પંચરત્ન
ઝીણી સેવ
નાયલોન સેવ
તીખી સેવ
મસૂર સેવ
રતલામી સેવ
ભાવનગરી સેવ
આલુ સેવ
ફુદીના સેવ
ભાવનગરી ગાંઠિયા
ચણાદાળ
ટમટમ
મસાલા મગ
સિંગભજિયાં
મમરી
પાપડી
મસાલા પાપડી
ચણાજોર
સોયા સ્ટિક
સોયા ચિપ્સ
ભાખરવડી
ચકરી
ગળ્યા તથા તીખા સક્કરપારા

### બિસ્કિટ

ઘઉંનાં બિસ્કિટ (સાદાં)
ઓટ્સનાં બિસ્કિટ
બેકરી બિસ્કિટ (સાદાં)
ચોકલેટ બિસ્કિટ
ફ્લાવર બિસ્કિટ
નાનખટાઈ (સાદી)
મિક્સ કુકીસ (કેસર અને કોકોનટ)

### મીઠાઈ

મોહનથાળ (ચોખ્ખા ઘીનો)
મગસ (ચોખ્ખા ઘીનો)
ટોપરાપાક
સોનપાપડી
બોમ્બે હલવો
ડ્રાયફ્રૂટ હલવો
મૈસૂબ
ડ્રાયફ્રૂટ બરફી
થાબડી/મથુરા પેંડા
માવા બરફી
કાજુ કતરી
કાજુ બાઇટ્સ
કાજુ કસાટા
પિસ્તાં રોલ
અંજીર રોલ
હીરાસરી
મોતીચૂરના લાડુ
ઘારી
ઘૂઘરા
મિક્સ મીઠાઈ

### ફરાળી

કેળાં વેફર
કેળાંનો ચેવડો

### મુખવાસ

મુખવાસ - પાનનો
મુખવાસ - સુવાદાણા
મુખવાસ - અળસીનો

### ખાખરા

મસાલા ખાખરા
જીરામરી ખાખરા
મેથીના ખાખરા

### પાપડ

અડદના પાપડ
પંજાબી પાપડ
મઠિયા
ચોળાફળી

### ડ્રાયફ્રૂટ બોક્ષ

ડ્રાયફ્રૂટ બોક્ષ




**સંસ્થાના તમામ મંદિરોમાં ઓર્ડર નોંધવામાં આવે છે... તો આપનો ઓર્ડર આજે જ નોંધાવો...**

**ખાસ નોંધ**

- મુખવાસનું પૅકિંગ ૧૦૦ ગ્રામમાં જ આવશે.
- અડદના પાપડ, પંજાબી પાપડ, ચોળાફળી અને મઠિયા ૫૦૦ ગ્રામમાં જ આવશે.
- વસ્તુનું વિતરણ એસ.એમ.વી.એસ.ના દરેક સેન્ટરમાંથી તા. ૧૬-૧૦-૨૦૨૫થી કરવામાં આવશે.

**વધુ માહિતી માટે નીચે જણાવેલ સભ્યોનો સંપર્ક કરવો**

- ઘનશ્યામભાઈ પટેલ - ૯૮૨૫૦૪૪૧૬૦ • સચિનભાઈ પટેલ - ૯૯૭૯૮૫૫૦૯૯ • જયંતિભાઈ પટેલ - ૯૯૨૫૦૬૬૪૯૧
મુકેશભાઈ ચોડવડિયા - ૯૪૨૯૪૩૯૯૦૯
- આજે જ આપના નજીકના સેન્ટરની મુલાકાત લઈ અચૂક લાભ લેશો.

Ghanshyam, October-2025 Published on 10-10-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.


# હૃદયના રોગોનું સચોટ સોલ્યુશન



**એટલે SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ...**

## છેલ્લા 3 વર્ષમાં 3500+ કાર્ડિયાક પ્રોસીજર સાથે સૌથી વિશ્વસનીય નામ...

**ગુજરાતની એકમાત્ર હૉસ્પિટલ, જેમાં સૌથી ઓછું રેડિયેશન ધરાવતી અદ્યતન કેથલેબની સુવિધા ઉપલબ્ધ છે...**

**હૃદયને લગતી કોઈ પણ ઇમર્જન્સીમાં નિષ્ણાત કાર્ડિયોલૉજિસ્ટની ટીમ 24x7 ઉપલબ્ધ**

**ડૉ. જસરાજ પનવાર**
સિનિયર કાર્ડિયોલૉજિસ્ટ
(15 વર્ષથી વધુ અનુભવી)

**હૃદયની બાયપાસ સર્જરી અને વાલ્વ સર્જરીના નિષ્ણાત ડૉક્ટર ઉપલબ્ધ**

**ડૉ. ભૂપેશ ડી. શાહ**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન
(35 વર્ષથી વધુ અનુભવી)

**ડૉ. તુષાર શર્મા**
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન
(18 વર્ષથી વધુ અનુભવી)

**આ સાથે જ તમને મળે છે...**



| | |
|---|---|
| કાર્ડિયાક હેલ્થ પૅકેજ (54 ટેસ્ટ) | માત્ર રૂ. 1,199/- |
| ઍન્જીયોગ્રાફી | માત્ર રૂ. 3,999/- |
| ઍન્જીયોપ્લાસ્ટી (સ્ટેન્ટ અલગથી) | માત્ર રૂ. 49,999/- |
| બાયપાસ સર્જરી | માત્ર રૂ. 1,99,999/- |



**આયુષ્માન કાર્ડ અંતર્ગત હૃદયને લગતી દરેક પ્રકારની સમસ્યાઓ માટે નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ...**

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

આજે જ સંપર્ક કરો 76 108 108 66, 63 59 77 93 07

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - 382 421.